RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે દૈનિક

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૭૫ ● તારીખ: ૨૫-૦૬-૨૦૨૫,બુધવાર● પાના : ૮ ● કિંમત : ૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://abdailynews.com

# ઈરાન ક્યારેય શરણાગતિ નહીં સ્વીકારે - ખામેનેઈ

ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ૧૨ દિવસથી સતત સંઘર્ષ ચાલી રહ્યો છે ત્યારે અમેરિકા અને કતારની મધ્યસ્થીથી સીઝફાયર કરવામાં આવ્યું છે. સીઝફાયરની જાહેરાત પહેલા, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનેઈએ X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'અમે કોઈને નુકસાન પહોંચાડ્યું નથી. અમે કોઈપણ સંજોગોમાં કોઈના પણ જુલમને સ્વીકારીશું નહીં અને અમે કોઈની સામે ઝૂકીશું નહીં. આ ઈરાની રાષ્ટ્રનો તર્ક છે.'

ઈરાન અને ઇઝરાયલ વચ્ચેનું યુદ્ધ હવે એક નવા વળાંક પર પહોંચી ગયું છે. ટ્રમ્પે બંને દેશો વચ્ચે સીઝફાયરની જાહેરાત કરી છે. ઈરાને આ પ્રસ્તાવને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. આ દરમિયાન, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. ખામેનેઈએ કહ્યું, 'જે લોકો ઈરાની લોકો અને તેમના ઇતિહાસને જાણે છે તેઓ જાણે છે કે ઈરાન રાષ્ટ્ર શરણાગતિ સ્વીકારવાવાળો દેશ નથી.'

ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ

X પર આ વાત કહી છે. આ પછી, એ સ્પષ્ટ થઈ ગયું છે કે ઈરાન હાલમાં યુદ્ધવિરામના મૂડમાં નથી. તે ઇઝરાયલ પર હુમલો કરવાનું ચાલુ રાખશે.

એક તરફ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરી છે, તો બીજી તરફ, ઇઝરાયલ ડિફેન્સ Vku,uo(IDF) એ અહેવાલ આપ્યો છે કે મંગળવારે સવારે ઈરાન તરફથી ઇઝરાયલ પર બે રાઉન્ડમાં છ મિસાઈલ છોડવામાં આવી છે.



પહેલા હુમલામાં બે મિસાઈલનો સમાવેશ થાય છે, જ્યારે બીજા હુમલામાં ચાર મિસાઈલ હતી. બીજા હુમલામાં, બીરશેબામાં એક ઍપાર્ટમેન્ટ બ્લોકને નિશાન બનાવવામાં આવ્યું છે. ઈરાન દ્વારા બેલિસ્ટિક મિસાઈલ છોડવામાં આવ્યા પછી, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઇઝરાયલના કેટલાક વિસ્તારોમાં સાયરન વાગવા લાગ્યા હતા. તેમજ ઇઝરાયલનો દાવો છે કે ઈરાનના હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા છે.

સોમવારે સાંજે ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી સીઝફાયરની જાહેરાત

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે સાંજે જાહેરાત કરી હતી કે ઇઝરાયલ અને ઈરાન સીઝફાયર લાગુ કરવા માટે ઔપચારિક કરાર પર પહોંચી ગયા છે, જેમાં થોડા કલાકોમાં સંઘર્ષનો સત્તાવાર અંત આવવાની અપેક્ષા છે. ટ્રમ્પે લખ્યું હતું કે, 'બધાને અભિનંદન! ઇઝરાયલ અને ઈરાન વચ્ચે સંપૂર્ણપણે સંમતિ થઈ ગઈ છે કે હવેથી લગભગ ૬ કલાક પછી જ્યારે ઇઝરાયલ અને ઈરાન તેમના અંતિમ મિશન પૂર્ણ કરશે, ત્યારે ૧૨ કલાક માટે સંપૂર્ણ સીઝફાયર થશે. આ પછી યુદ્ધ સમાપ્ત માનવામાં આવશે.'

ઈરાન પર અમેરિકાનો હુમલો

અમેરિકાએ ભારતીય સમય મુજબ ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૪:૩૦ વાગ્યે ઈરાનના ત્રણ મુખ્ય પરમાણુ સ્થળો નતાન્ઝ, ફોર્ડો અને એસ્ફહાન પર હુમલો કર્યો. ટ્રમ્પે ત્યારે કહ્યું હતું કે, 'ઈરાને હવે સીઝફાયર માટે સંમત થવું જોઈએ. જો ઈરાન શાંતિ સ્થાપિત નહીં કરે, તો તેના પર વધુ મોટા હુમલા કરવામાં આવશે.'

# ભારતના આંતરિક મામલાંમાં ઈસ્લામિક સહયોગ સંગઠનને બોલવાનો અધિકાર નથીઃ વિદેશ મંત્રાલય



ભારતે ઈસ્લામિક સહયોગ સંગઠન (OIC) દ્વારા કરવામાં આવેલી ભારત વિરોધી ટિપ્પણીઓને સ્પષ્ટપણે નકારી કાઢતા તેને અયોગ્ય અને પાયાવિહોણી ગણાવી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, OICને ભારતના આંતરિક મામલા પર ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરના મામલે ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી.

ભારત OIC વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ભારત વિશેના અયોગ્ય અને તથ્યપૂર્ણ રીતે ખોટા સંદર્ભોને સ્પષ્ટપણે નકારી કાઢે છે. વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું કે, 'આ ટિપ્પણીઓ પાકિસ્તાન દ્વારા પ્રેરિત છે, જેણે આતંકવાદને પોતાની રાજદ્વારી નીતિનો એક ભાગ બનાવ્યો છે. આ OIC મંચનો સંકુચિત રાજકીય હિતો માટે સતત દુરુપયોગ છે.'

તમને જણાવી દઈએ કે, OIC વિદેશ મંત્રી પરિષદ (CFM)નું ૫૧મું સત્ર ૨૧થી ૨૨ જૂન દરમિયાન તુર્કીયેના ઈસ્તંબુલમાં યોજાયું હતું, જેમાં ૧૪૭ ઠરાવો અને ઈસ્તંબુલ ઘોષણાપત્રને અપનાવવામાં આવ્યું હતું OICએ પાકિસ્તાનના પ્રચારના પ્રભાવમાં આવીને તેના એજન્ડાને રાજકીય રંગ આપવાનું ટાળવું જોઈએ વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે કહ્યું છે કે, 'જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન અને સાર્વભૌમ ભાગ છે.

આ વાત ભારતના બંધારણમાં નોંધાયેલી છે. OICએ પાકિસ્તાનના પ્રચારના પ્રભાવમાં આવીને તેના એજન્ડાને રાજકીય રંગ આપવાનું ટાળવું જોઈએ, નહીંતર તેની વિશ્વસનીયતા અને સુસંગતતાને ભારે નુકસાન થશે.' પાકિસ્તાન દ્વારા લગાવવામાં આવેલા પાયાવિહોણા આરોપોને પણ નકારી કાઢ્યા વિદેશ મંત્રાલયે OIC બેઠકમાં પાકિસ્તાન દ્વારા લગાવવામાં આવેલા પાયાવિહોણા આરોપોને પણ નકારી કાઢ્યા અને કહ્યું કે, આ પાકિસ્તાન દ્વારા પોતાને ત્યાં પ્રાયોજિત આતંકવાદ, લઘુમતીઓ પરના અત્યાચાર અને સાંપ્રદાયિક હિંસા પરથી વિશ્વનું ધ્યાન હટાવવાનો નિરર્થક પ્રયાસ છે.

# ટ્રમ્પનું સીઝફાયર ૨.૫ કલાકમાં તૂટી ગયું, ઈરાનની ઉલ્લંઘના બાદ ઈઝરાયલનો પ્રતિસાદ!







ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાતના થોડા કલાકમાં જ ઈરાને ઇઝરાયલ પર હુમલો કર્યો હોવાનો દાવો ઇઝરાયલ કરી રહ્યું છે. ઇઝરાયલની સેનાએ જણાવ્યું હતું કે, તેણે સીઝફાયર શરુ થયાના થોડા જ કલાકો બાદ ઈરાનની મિસાઈલોને ડિટેક્ટ કરી હતી. જો કે, ઈરાન ડિફેન્સ ફોર્સના જનરલ સ્ટાફે ઇઝરાયલના આ દાવાને ફગાવ્યો છે. તેણે કોઈપણ મિસાઈલ હુમલો કર્યો હોવાનો ઇન્કાર કર્યો છે.

ઇઝરાયલના સંરક્ષણ મંત્રી ઇઝરાયલ કાટ્ઝે ઈરાનના યુદ્ધવિરામ ભંગની ટીકા કરતાં પોતાની સેનાને આદેશ આપ્યો છે કે, તે ઈરાન દ્વારા કરવામાં આવેલા યુદ્ધ વિરામના ઉલ્લંઘનનો મજબૂતીથી જવાબ આપે. ઇઝરાયલની ડિફેન્સ ફોર્સે સીઝફાયર શરુ થયાના અઢી કલાકમાં જ ઈરાનમાંથી છોડવામાં આવેલી મિસાઈલો ડિટેક્ટ કરી છે. ઉત્તરી ઇઝરાયલમાં સાયરન વાગવા લાગી હતી. ઇઝરાયલે આ મિસાઈલને તોડી પાડતાં વિસ્ફોટનો અવાજ પણ સંભળાયો હતો.

ઈરાને દાવો ફગાવ્યો

ઇઝરાયલે ઈરાન પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હોવાનો આરોપ મૂક્યો છે. જો કે, ઈરાને આ આરોપને પાયાવિહોણો ગણાવ્યો છે. ઈરાનની સેના જરનલ સ્ટાફે નિવેદન આપ્યું હતું કે, ઈરાને સીઝફાયરનું કોઈ ઉલ્લંઘન કર્યું નથી. અમારા તરફથી કોઈ મિસાઈલ છોડવામાં આવી નથી. ઉલ્લેખનીય છે, ટ્રમ્પની સીઝફાયરની જાહેરાત બાદ ઈરાન અને ઇઝરાયલ બંને દેશોએ યુદ્ધવિરામ પર મહોર લગાવી હતી.

# કાંગોમાં હિંસાની ભારે અસર, ૧.૩૬ લાખથી વધુ લોકોએ લીધી શરણ મળી : યુનિસેફ



યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફંડ (યુનિસેફ)એ જણાવ્યું છે કે, પૂર્વી કાંગોમાં વધતી હિંસાને કારણે આ વર્ષે જાન્યુઆરીથી ૧.૩૬ લાખથી વધુ લોકો પાડોસી દેશ બુરુન્ડી અને યુગાન્ડામાં શરણ લેવા માટે મજબૂર બન્યા છે. શરણાર્થીઓને ખોરાક, સ્વચ્છ પાણી, તબીબી સંભાળ અને સુરક્ષાની સખત જરૂર . યુનિસેફના જણાવ્યા પ્રમાણે યુગાન્ડાએ પૂર્વી કાંગોમાંથી આવેલા લગભગ ૬૭,૦૦૦ શરણાર્થીઓને શરણ આપી છે. બીજી તરફ બુરુન્ડીમાં ૭૦,૦૦૦થી વધુ લોકો જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો શરણ લઈ ચૂક્યા છે.

યુનિસેફે આ માનવતાવાદી સંકટને વિશ્વની સૌથી ગંભીર પરિસ્થિતિઓમાંની એક ગણાવી છે. યુનિસેફના રિપોર્ટ પ્રમાણે શરણાર્થીઓને ખોરાક, સ્વચ્છ પાણી, તબીબી સંભાળ અને સુરક્ષાની સખત જરૂર છે. યુગાન્ડા અને બુરુન્ડીમાં ટ્રાન્જિટ સેન્ટર પહેલેથી જ ભરાયેલા છે અને હવે વધારાના દબાણને સંભાળવામાં અસમર્થ છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદની ઋતુ શરૂ થતાં પરિસ્થિતિ વધુ વણસી રહી છે. પૂર, ચેપી રોગો અને સ્થળાંતરનું જોખમ વધ્યું છે. બાળકોમાં કુપોષણ, કોલેરા અને ઓરી જેવા ગંભીર રોગોનો દર પણ વધી રહ્યો છે. તાત્કાલિક સહાયની અપીલ યુનિસેફે રાહત કામગીરીને ઝડપી બનાવવા માટે ૨.૨ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૮૩ કરોડ રૂપિયા)ની તાત્કાલિક સહાયની અપીલ કરી છે. એજન્સીએ ચેતવણી આપી છે કે જો આ નાણાં ટૂંક સમયમાં નહીં મળે તો આવશ્યક સેવાઓ ખોરવાઈ જશે અને લાખો લોકોના જીવન જોખમમાં મુકાઈ શકે છે. પૂર્વી કાંગોમાં જાન્યુઆરીથી પરિસ્થિતિ ખૂબ ખરાબ થઈ રહી છે, જ્યારથી સ્ર૩ બળવાખોર જૂથ ફરીથી એક્ટિલ થયું. આ જૂથે ગોમા અને બુકાવુ જેવા વ્યૂહાત્મક શહેરો પર કબજો કર્યો, જેના કારણે લાખો લોકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે.

## તંત્રી લેખ...

# RBI ની નવી પ્રોજેક્ટ ફાઇનાન્સ પોલિસી ગેમ ચેન્જર બની રહી છે

IRFC ની હાલની તેજીનું કારણ ફક્ત ટેકનિકલ જ નહીં, પણ મૂળભૂત પણ છે. તાજેતરમાં, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) એ પ્રોજેક્ટ લોન પોલિસીમાં ફેરફાર કર્યા છે, જેનાથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રેલ્વે ક્ષેત્રના શેરોને નવું જીવન મળ્યું છે.ભારતીય રેલ્વેના પ્રોજેક્ટ્સને ફાઇનાન્સ કરતી IRFC ને આ નીતિગત ફેરફારનો સીધો લાભ મળી રહ્યો છે.IRFC સ્ટોકમાં વધારો ગયા અઠવાડિયાથી જ શરૂ થયો હતો, જે અત્યાર સુધી ચાલુ છે.

૨૦૨૫ માં મિશ્ર પ્રદર્શન, પરંતુ આશાઓ ફરી જાગી જોકે, ૨૦૨૫ અત્યાર સુધી IRFC માટે મિશ્ર રહ્યું છે:આ વર્ષે અત્યાર સુધી સ્ટોક ૧૦% ઘટ્યો છે.છેલ્લા ૧૨ મહિનામાં તેમાં ૨૨% ઘટાડો થયો છે.પરંતુ વર્તમાન પોલિસી સપોર્ટ અને લાંબા ગાળાના રોકાણકારોના રસને કારણે, હવે તેમાં નવી ખરીદી શરૂ થઈ છે.

IRFC નું ટેકનિકલ વિશ્લેષણ: સ્ટોક ક્યાં સુધી જઈ શકે છે? ટેકનિકલ ચાર્ટ મુજબ, IRFC સ્ટોકે ૧૩૦ પર મજબૂત સપોર્ટ ઝોન બનાવ્યો છે.

રૂપિયા ૧૪૦ જો આ સ્તર પાર કરવામાં આવે અને સ્ટોક કોન્સોલિડેટેડ થાય, તો ટૂંકા ગાળામાં રૂપિયા ૧૫૫ નો લક્ષ્ય શક્ય છે.જો સ્ટોક રૂપિયા ૧૩૦ થી નીચે સરકી જાય, તો નબળાઈ આવી શકે છે. IRFC સોમવારે શેરબજારમાં મંદીનો માહોલ હતો, નિફ્ટી ૧૪૦ પોઈન્ટ ઘટીને ૨૪,૯૭૨ પર બંધ થયો. પરંતુ મંગળવારે બજાર ફરી ઉછળ્યું અને રેલવે ક્ષેત્રની સરકારી કંપની, IRFC (ઇન્ડિયન રેલ્વે ફાઇનાન્સ કોર્પોરેશન) સૌથી વધુ હેડલાઇન્સમાં રહી. કંપનીના શેરમાં ૨% ના વધારા સાથે ભારે વોલ્યુમ જોવા મળ્યું, જેણે ફરી એકવાર રોકાણકારોનું ધ્યાન IRFC તરફ ખેંચ્યું.

ગઈકાલે મંગળવારે, IRFCનો શેર રૂપિયા ૧૩૯.૫૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો, અને તેણે બે દિવસનો મજબૂત ટ્રેન્ડ જાળવી રાખ્યો.કંપનીનું માર્કેટ કેપ રૂપિયા ૧.૭૯ લાખ કરોડ છે.૧.૪૩%, જે તેને ડિવિડન્ડ રોકાણકારો માટે આકર્ષક બનાવે છે. જ્યારે વ્યાપક બજાર દબાણ હેઠળ હતું, ત્યારે IRFCના શેરમાં ૨૦.૬ લાખનું વોલ્યુમ નોંધાયું – જેમાંથી ૪૨.૩૯% ડિલિવરી આધારિત હતું. આનો અર્થ એ છે કે રોકાણકારો લાંબા ગાળા માટે આ સ્ટોક રાખવાના મૂડમાં છે.

# દર વર્ષે સુરત ડૂબે કેમ? લોકો પાણીમાં રાતવિતાવે, નેતાઓ સુરક્ષિત સ્થળે!





સુરત શહેરમાં ૨૩ જૂનની સવારે ૬ વાગ્યાથી લઈ ૨૪ જૂનના બપોરના ૧૨ વાગ્યા સુધીમાં, એટલે કે ૩૦ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે જ સુરત જિલ્લામાં પણ અવિરત વરસાદ પડ્યો છે. એના પગલે તાપી નદીનું લેવલ પણ વધ્યું છે અને આ સાથે સુરત શહેરની અંદરથી પસાર થતી અલગ અલગ ખાડીઓના લેવલમાં પણ વધારો થયો છે. ખાડી કિનારા વિસ્તાર પાસે આવેલા સરથાણાની અલગ અલગ ૧૫થી ૨૦ જેટલી સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયાં છે, જોકે સૌથી વધુ ખરાબ સ્થિતિ સણિયા હેમાદ ગામની છે.

ગામના પાદરમાં ૬-૭ ફૂટ જેટલું પાણી છે. લોકોને રેસ્ક્યૂ કરવા માટે ટ્રેક્ટરની જરૂર પડી છે અને લોકો ઉભા ઉભા રાત વિતાવવા માટે મજબૂર છે. સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હોવાથી અનાજ પલળી ગયું છે અને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યાં છે.

પેટ ભરવા માટે રસોઈ કરી શકાય તેમ પણ નથી. લોકો કહી રહ્યા છે કે, આ માનવસર્જિત પૂર છે.

# હવે PFમાંથી ૭૨ કલાકમાં રૂપિયા ૫ લાખ ઉપાડી શકાશે,પહેલા મર્યાદા રૂપિયા ૧ લાખ હતી!




હવે કટોકટી કે જરૂરિયાતના કિસ્સામાં તમે ૭૨ કલાકની અંદર તમારા PF ખાતામાંથી ૫ લાખ સુધી ઉપાડી શકો છો. પહેલા આ મર્યાદા ૧ લાખ હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ૨૪ જૂને આ માહિતી આપી હતી. અગાઉ, શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ સુમિતા દાવરાએ ૨૮ માર્ચે શ્રીનગરમાં યોજાયેલી EPFO એક્ઝિક્યુટિવ કમિટી (EC)ની ૧૧૩મી બેઠકમાં આ પ્રસ્તાવ પસાર કર્યો હતો.

# દહેજ મામલે બ્લેક કેટ કમાન્ડો એ પત્નીની હત્યા કરી: કોર્ટને કહ્યું- ઓપરેશન સિંદૂરમાં હતો તો રાહત આપો



સુપ્રીમ કોર્ટે મંગળવારે દહેજ હત્યાના આરોપીને પોલીસ સમક્ષ સરેન્ડરની છૂટ આપવાનો ઈનકાર કર્યો હતો. આરોપીએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે તે ઓપરેશન સિંદૂરનો ભાગ હતો. આરોપીએ કહ્યું- હું ૨૦ વર્ષથી રાષ્ટ્રીય રાઈફલ્સમાં બ્લેક કેટ કમાન્ડો છું. ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાન અને ન્યાયાધીશ વિનોદ ચંદ્રનની બેન્ચે કહ્યું, તમે ઓપરેશન સિંદૂરનો ભાગ હતા, આનાથી તમને ઘરે અત્યાચાર કરવાની સ્વતંત્રતા નથી મળી જતી. તમે જુઓ કે તમે કેટલા શારીરિક રીતે ફિટ છો, આ દર્શાવે છે કે તમે તમારી પત્નીનું ગળું દબાવીને હત્યા કરી હશે. ભારતે ૨૨ એપ્રિલના રોજ પહેલગામ હુમલાનો બદલો લીધો હતો.

૬-૭ મેની રાત્રે ૧:૦૫ વાગ્યે પાકિસ્તાન અને PoKમાં હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. તેનું નામ ઓપરેશન સિંદૂર રાખવામાં આવ્યું હતું.

# અમિત શાહે કાલ ભૈરવ મંદિરે પૂજા કરી, વારાણસીમાં છેલ્લાં ૪ વખત મુલાકાત લઈ ચૂક્યા છે.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાશીના બે દિવસના પ્રવાસે છે. રવિવારે સાંજે એરપોર્ટ પહોંચ્યા બાદ તેઓ સીએમ યોગી આદિત્યનાથ સાથે કાલ ભૈરવ મંદિર પહોંચ્યા. અહીં દર્શન-પૂજા દરમિયાન એક પૂજારીએ લાકડી વડે શાહની નજર ઉતારી હતી. પંડિત પપ્પુ દુબેએ જણાવ્યું હતું કે આ કાશીના કાલ ભૈરવનો દંડ વિધાન હતો, જે ખૂબ જ શુભ માનવામાં આવે છે. કાલ ભૈરવ, દંડ વિધાન અને ગૃહમંત્રીને લઈને ડિટેલ વાતચીત કરી હતી.

# પચાસ વર્ષો પહેલાં ૨૫ જૂને ઇન્દિરા ગાંધીએ દેશમાં ઇમરજન્સી જાહેર કરી, ભયાનક હતો એ આઝાદ ભારતનો 'કાળો દિવસ'!!!

(અંક નંબર ૩૭૬)

રચો, રચો અંબરચુંબી મંદિરો, ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા ! મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો, રંગે ઉડાવો જળના ફુવારા !

રચો, રચો ચંદનવાટિકાઓ, રાચો, રચી કંચનસ્થંભમાળા ! ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા રચો ભલે ! અંતરરૂંધતી શિલા એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?

દરિદ્રની એ ઉપહાસલીલા સંકેલવા, કોટિક જીભ ફેલતો ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે; ખંડેરની ભસ્મકણી ના લાધશે !

--ઉમાશંકરજોશી

યાદ રાખજો,ગમેતેટલી ઈમરજન્સી ઓ લગાવીને પ્રજાઉપર કાયદાના શાસનની દુહાઈ નીચે ભલે સત્તા ટકાવી રાખવા સફળ થશો....પણ કવિ શ્રી ઉમાશંકર જોશી ના શબ્દો મુજબ ગરીબો ભુખથી કે અન્યાયથી જે દિવસે સામે પડશે તે દિવસે કોઈ ઈમરજન્સી કામ નહીં આવે....ઈન્દીરાબેને પણ જવું પડ્યું હતું.....

મિત્રો,

ઈમરજન્સી, શબ્દમાં જ કંઈક ખોટું કે સાચું કરવાનો પણ કડકાઈ નો કાલ્પનિક છૂપો ભય રહેલો હોય છે.કોઈપણ ઈમરજન્સી એટલે સત્તાવાર રીતે કાયદાનો ફાયદો લેવાનો મનસુબો ૧૯૭૫ ની ઈમરજન્સી માટે કહી શકાય!!!! ઈમરજન્સી ઘોષિત પણ હોય અને ક્યારેયક અઘોષિત પણ હોય. જોકે આપણે કોઈ પક્ષ થી ઉપર ઉઠી ને 'કાયદા ની રીતે ફાયદા' ની મુલવણી કરીએ તો આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં ૨૪ મી જુન ૧૯૭૫ની રાત્રે એક એવો કાયદાનો ગેરકાયદેસર ઉપયોગ થયો અને ૨૫ મી જૂન ૧૯૭૫ ના રોજ ભારતમાં ત્રીજી વાર ઈમરજન્સી લગાવવામાં આવી. પહેલી બે ઈમર્જન્સીઓ ૨૬ ઓક્ટોબર ૧૯૬૨ ભારત ચીન યુદ્ધ અને ત્રીજી ડિસેમ્બર ૧૯૭૧ ભારત પાક યુદ્ધ વખતે લાગુ કરવામાં આવેલી. આમ તો ઈમર્જન્સી એટલે આપત્તિ કે સંકટનો કાળ. ઈમરજન્સી નો ફાયદો કે ગેરફાયદો એ એના ઉપયોગ કરનારા ઉપર જાય છે .

એમ કહેવાય છે કે શાસન પ્રજા ઉપર કરી શકાય અને પ્રજાના દિલ પર પણ કરી શકાય જોકે બંનેમાં ફેર છે. કાયદાવિદો શાસન કાયદાથી ચાલે છે ભલે તેમ માનતા હોય પરંતુ શાસનનો સાચો ફાયદો તો પ્રજાના દિલ પરનું શાસન હોય તેજ હોય છે.....આમ તો કાયદામાં જ ફાયદો હોય છે. પરંતુ હકીકતે બધાને કાયદો તોડવામાં જ ફાયદો દેખાતો હોય છે !! .

૧૯૭૫ માં કહેવાતા વ્યક્તિગત ફાયદા માટે કાયદેસર રીતે લગાવવામાં આવેલી ઈમર્જન્સી માત્ર ખુરશી બચાવવા પૂરતી જ હતી!!! તે સૌ કોઈ જાણે છે. જો કે બે વર્ષ ચાલેલી આ ઈમરજન્સી પછી આવેલી ચૂંટણીમાં આવી ઘોષિત ઈમરજન્સી થી શાસકો નો પરાજય પણ થયો હતો જે કુદરતનો ન્યાય હતો.

આજકાલ તો ન્યાય મેળવવા માટે પણ ઘણીવાર અન્યાયી રીતો નો સહારો લેવો પડે છે. આ યોગ્ય નથી છતાં પણ બધે આવું જ ચાલે છે જ, ખરુ જ ને!!!!

આપણે સૌ જાણીએ છીએ કે ન્યાય અદાલતમાં જ મળશે પરંતુ અદાલતોમાં તો સમાધાન જ થઈ જતું હોય છે. અને જ્યાં સમાધાન થવાનું હોય તે રસ્તા પર લોકો ન્યાય શોધતા હોય છે. દલીલો કોર્ટમાં થવાને બદલે ટીવી પર થાય છે. અને આ બધાનું મનોરંજન સંસદ ભવનમાં જોવા મળે છે.ભારતના સંવિધાનનો વિરોધ કરવો ગુનો બને છે. પરંતુ સત્ય એ ખામીઓને ઉજાગર કરવા તત્પર બનાવી દે છે...ખેર.. પીડા છલકે તો હું દવાની ગોળી લઈ લઉં, પણ વેદના છલકે તો શું કરુ?.

વિશ્વના તમામ દેશોમાં ન્યાય મેળવવા સરકાર મદદ રૂપ બને છે . જેમ બને તેમ વ્યક્તિને નિર્દોષ સાબિત કરવા સરકારી રાહે પ્રયત્નો વિદેશોમાં થતા હોય છે . જ્યારે ભારતમાં તો નિર્દોષ હોવા છતાં બચવા માટે મોંઘા વકીલો પોતાના ખર્ચે રાખવા પડતા હોય છે.આ વાસ્તવિકતા છે. ન્યાય નિર્દોષને જ મળે એની જગ્યાએ ન્યાય નો ગેરફાયદો માલેતુઝાર ગુનેગારો વધારે મેળવી લેતા હોય છે.

ઈમરજન્સી ઘોષિત કરીને વધુ નુકસાન અટકાવી શકાય એવું કાયદો કહે છે. પરંતુ હકીકતે ઈમર્જન્સી ઘોષિત કરીને વધુ ફાયદો મેળવી લેવાની ભાવના કાયદાનો ફાયદો લેવા માટે ની જ હોય તો તે યોગ્ય ના ગણાય . મોટેભાગે કાયદાનો ફાયદો ગુનેગારો લઈ જતા હોય છે એવું ભારત માં તો સતત બનતું જોવા મળે છે!!!! સજા કરવાના પ્રાવધાનો કરતા છૂટી જવાના પ્રાવધાનો વધારે હોય તેવા કાયદાઓમાં ખરેખર બદલાવ લાવવાની જરૂર છે. કાયદાની ભાષા નિર્દોષ માટે ફાયદો કરે તેવી હોવી જોઈએ. પરંતુ હકીકતે દોષીતને સજા કરવા માટે વપરાતા પ્રાવધાનો કરતા દોષિતને છૂટી જવાના પ્રાવધાનો નો ઉપયોગ વધારે થતો હોય છે.

આ આપણા કાયદાઓ ની વાસ્તવિકતા છે. મિત્રો કોઈપણ દેશ પોતાની આર્થિક ક્ષમતા હોય તો જ ઈમર્જન્સી લાગુ કરતો હોય છે. નહિતર દેશની આર્થિક સ્થિતિ આવા સમયે તૂટી જતી હોય છે. બે વાર ની ઈમરજન્સી પરિસ્થિતિને અનુરૂપ હતી. પણ ત્રીજી વારની ઈમરજન્સી એ ખરેખર કાયદાનો ગેરલાભઉઠાવવા માટે જ હતી. જો કે પ્રજાએ પાછળથી પોતાના દિલથી ઇન્દિરાજીની સરકારને નકારી હતી એ વાસ્તવિકતા છે.

ખેર કાયદા વિદોની ભાષામાં કાયદો શાસન કરવા માટે પાયાની જરૂરિયાત છે જ પરંતુ ફાયદો તો કાયદાના શાસનને બદલે ફાયદાનું શાસન કરવા માટે સત્તામાં બેઠેલા લોકો લેતા હોય છે. ખરેખર તો પ્રજાના દિલો ઉપર શાસન કરીએ તો જ સાચું. હાલના સમયમાં આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ નીતિ કે રાજનીતિ ચોક્કસ વિચારધારાને વરેલી હોવી જોઈએ અને તો જ પ્રજાકીય ફાયદાના પરિણામો આવતા હોય છે. પરંતુ જ્યાં કોઈની કોઈ વિચારધારા જ ના હોય ત્યાં આપણે માત્ર આપણા સમયને જ સમજવો ખુબ ઉચિત હોય છે.

મહાભારત વખતે પણ કાયદાકીય રીતે કે શાસ્ત્રની વિરુદ્ધ હોવા છતાં કૃષ્ણએ અર્જુન પાસે કર્ણ ના રથનું પૈડું માટીમાં ઘૂસી ગયું હોવા છતાં વધ કરાવ્યો હતો.આ ગેરકાયદેસર લીધેલો કાયદાનો ફાયદો જ ગણાય ને!!! આ બધું યુગો થી ચાલે છે.તલવાર કોની તો મારે તેની આવી દુર્ભાવના સમાજને કયારેય સાચો ન્યાય ના આપી શકે....આજનો તમામ ભારતવાસી પ્રજા માટે હિતકારી શું છે? તે સમજીને જરૂર પડે કાયદાની ભાષા બદલવી પડે તો પણ બદલાવવા માટે આતુર છે . આ હું પ્રજાના દિલની વાત કહું છું. પછી તો સૌને ગમે તે ખરું. ધર્મ વિરુદ્ધ, શાસ્ત્ર વિરુદ્ધ કે કાનૂન વિરુદ્ધ પણ જવું પડે તો ભલે પણ પ્રજાને અને દેશને શું ફાયદો થાય એવો છે ? તે પ્રમાણેનું શાસન એ જ હવે તો કાયદાનું શાસન બને એ જરૂરી છે.....

ભારતમાં એ કટોકટીનો ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી ૨૧ મહિનાનો સમયગાળો હતો જ્યારે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશ સામે આંતરિક અને બાહ્ય જોખમોનો ઉલ્લેખ કરીને સમગ્ર દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી .વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની સલાહ પર, રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહેમદે ૨૫ જૂન ૧૯૭૫ ના રોજ રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિ જાહેર કરી. પ્રવર્તમાન આંતરિક અશાંતિ ને કારણે બંધારણની કલમ ૩૫૨ હેઠળ રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદ દ્વારા સત્તાવાર રીતે જારી કરાયેલ, કટોકટી ૨૫ જૂન ૧૯૭૫ થી અમલમાં હતી અને ૨૧ માર્ચ ૧૯૭૭ ના રોજ સમાપ્ત થઈ. આ આદેશથી વડા પ્રધાનને હુકમનામું દ્વારા શાસન કરવાનો અધિકાર મળ્યો , જેમાં ચૂંટણીઓ રદ કરવાની અને નાગરિક સ્વતંત્રતાઓને સ્થગિત કરવાની મંજૂરી આપવામાં આવી. કટોકટીના મોટાભાગના સમયગાળા દરમિયાન, વડાપ્રધાન ગાંધીના મોટાભાગના રાજકીય વિરોધીઓને કેદ કરવામાં આવ્યા હતા !!! પ્રેસ પર સેન્સરશીપ કરવામાં આવી હતી . ગાંધી શાસન દ્વારા એક લાખથી પણ વધુ રાજકીય વિરોધીઓ, પત્રકારો અને અસંમતિ દર્શાવનારાઓને કેદ કરવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન, તેમના પુત્ર સંજય ગાંધી દ્વારા નસબંધી માટે એક સામૂહિક ઝુંબેશનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું .


કટોકટી લાદવાનો અંતિમ નિર્ણય ઇન્દિરા ગાંધી દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો, જેના પર ભારતના રાષ્ટ્રપતિએ સંમતિ આપી હતી અને જુલાઈથી ઓગસ્ટ ૧૯૭૫ દરમિયાન મંત્રીમંડળ અને સંસદ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. તે એવા તર્ક પર આધારિત હતું કે ભારતીય રાજ્ય માટે આંતરિક અને બાહ્ય ખતરાઓ નિકટવર્તી હતા. જે હકીકતમાં તો સત્તા ટકાવી રાખવા માટે નો નિમ્નસ્તરની ઘટીયા અભિલાષા માટે ગેરકાયદેસર રીતે લીધેલ ફાયદો હતો.

જગતમાં અનેક સત્તાલાલચુઓ કે માલેતુજારો બંધારણથી બનેલા કાયદાનો પૈસા અથવા સત્તાના જોરે ખોટો લાભ લઈ જાય છે... અને આપણે હજુ રામરાજ્ય ની આશાએ બેઠા છીએ!!! ભગવાન સૌને સદબુદ્ધિ આપે....

રામ...

રામ...

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# નર્મદામાં ધોધમાર વરસાદ શાળાઓમાં રજા, પુલ તૂટ્યો, ગામમાં જળબંબાકાર



વડીયા ગામમાં જળબંબાકારનર્મદા,નર્મદા જિલ્લામાં વહેલી સવારથી જ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે જિલ્લામાં ચારેકોર પાણી ભરાયા છે અને જનજીવન પર વ્યાપક અસર પડી છે. સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

નાંદોદ તાલુકાના રાજપીપળાને અડીને આવેલા વડીયા ગામની સત્યમ નગર સોસાયટી ખાતે વરસાદી પાણી ભરાઈ ગયા છે. સોસાયટીના રહીશો પોતાના ઘરોમાં પાણી ઘૂસી જવાની ભીતિથી ચિંતિત છે. હાલ અહીં ઘૂંટણથી વધુ પાણી ભરાયેલા છે અને જો વરસાદ વધુ વરસશે તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે. આ ઉપરાંત, વડીયાથી કરાઠા જતો માર્ગ પણ પાણી ભરાવાને કારણે બંધ થઈ ગયો છે. આમ છતાં, લોકો જીવના જોખમે પાણીમાંથી વાહનો લઈને અવરજવર કરવા મજબૂર બન્યા છે, જે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત દર્શાવે છે. ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ નર્મદા જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા મળેલા અહેવાલ મુજબ, આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા દરમિયાન નર્મદા જિલ્લામાં સરેરાશ ૧૧૬.૬ મીમી (મિલીમીટર) જેટલો ધોધમાર વરસાદ નોંધાયો છે. આ વરસાદને પગલે જિલ્લાની નદીઓ અને નાળાંઓમાં પાણીની ભરપૂર આવક થઈ છે, ખેતરો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે, જ્યારે ડેમ અને નદીઓમાં નવા નીર આવતા જળસપાટીમાં વધારો થયો છે.

# મચ્છરજન્ય રોગોથી બચોઃ ચોમાસા પહેલાં પાણી ભરાવો અને કચરો દૂર કરો



જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. ચોમાસાની શરૂઆત પહેલાં મચ્છરજન્ય રોગોને અટકાવવા જિલ્લા પંચાયત આરોગ્ય શાખા વિવિધ પગલાં લઈ રહી છે. માદા એનોફિલીસ મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે. તે મુખ્યત્વે રાત્રે કરડે છે. માદા એડીસ મચ્છર ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાયરસ ફેલાવે છે. આ રોગોને ફેલાતા અટકાવવા મચ્છર ઉત્પત્તિ રોકવી આવશ્યક છે.મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત રીતે ઢાંકવા જરૂરી છે. ઘરમાં કે બહાર પાણીનો ભરાવો ટાળવો જોઈએ. ફ્રિજની પાછળની ટ્રે, પક્ષીકુંજ અને પશુઓની પાણીની કુંડીઓમાંથી નિયમિત પાણી ખાલી કરવું જોઈએ.

છત, છાજલી અને અગાસી પરથી નકામા ભંગાર, ટાયર જેવી વસ્તુઓનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. ખુલ્લા ટાંકા અને અવેડામાં પોરાભક્ષક માછલી જેવી કે ગપ્પી અથવા ગમ્બુશીયા મૂકવી જોઈએ. આ માછલીઓ મચ્છરના પોરાને ખાય છે. મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે નાગરિકોની જાગૃતિ અને સહભાગિતા આવશ્યક છે. દરેક વ્યક્તિએ પોતાના વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિના સ્થાનોને ઓળખી તેને નિયંત્રિત કરવા યોગ્ય પગલાં લેવા જરૂરી છે.

# વેરાવળ ગૌશાળામાં ઔષધીય વૃક્ષારોપણ કાર્યક્રમ ત્રણ વિભાગોના ઉપક્રમે



વેરાવળ ગાયત્રી મંદિર ટ્રસ્ટ સંચાલિત કામધેનુ ગૌશાળામાં આજે એક મહત્વપૂર્ણ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સામાજિક વનીકરણ વિભાગના આર.એફ.ઓ. રસિલાબેન વાઢેર અને ફોરેસ્ટર દિલાવરસિંહ ડોડીયાની આગેવાની હેઠળ ઔષધીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વેરાવળ ચોકસી કોલેજના પ્રોફેસર ડૉ. અર્જુન ચોચાની માર્ગદર્શન હેઠળ NSS પાંખના સ્કાઉટ્સ વિદ્યાર્થીઓ અને વન સ્ટોપ સખીમંડળની બહેનોએ ભાગ લીધો હતો. કામધેનુ ગૌશાળાના ટ્રસ્ટી ભીમસીભાઈ બારડ, વેજાણંદભાઈ વાળા અને અતુલભાઈ જોશી સહિત અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આર.એફ.ઓ. રસિલાબેન વાઢેરે જણાવ્યું કે ઔષધીય વૃક્ષોનું વિશેષ મહત્વ છે. તેમણે કોરોના કાળમાં આ વૃક્ષોની ઉપયોગિતા વિશે પણ વાત કરી. તેમણે ગ્રામ્ય વિસ્તારોમાં ઘટતા જતા ઔષધીય વૃક્ષો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# ચોટીલામાં રેતી ખનન પર તોડફોડ ૯૦ લાખનો મુદ્દામાલ ઝડપાયો,બે ડમ્પર જપ્ત



ચોટીલા તાલુકામાં ગેરકાયદે રેતી ખનનની પ્રવૃત્તિ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. નાયબ કલેક્ટર એચ.ટી.મકવાણા અને તેમની ટીમે બે સ્થળોએથી સાદી રેતી ભરેલા ડમ્પર જપ્ત કર્યા છે.

પ્રથમ ડમ્પર (GJ ૧૩ AW ૧૬૮૦) અકાળા ગામેથી પકડવામાં આવ્યું છે. આ ડમ્પરના માલિક અકાળા ગામના મહેશભાઈ જેમાભાઈ ઘોડકીયા છે. બીજું ડમ્પર (GJ ૩૭ T ૮૧૮૬) ચોટીલાના જલારામ મંદિર પાસેથી જપ્ત કરવામાં આવ્યું છે. આ ડમ્પરના માલિક દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ ખંભાળિયા તાલુકાના સામોર ગામના ભીખાભાઈ વાડોદરીયા છે.

બંને ડમ્પરોમાંથી કુલ રૂ. ૯૦,૪૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મુદ્દામાલને મામલતદાર કચેરી ચોટીલા ખાતે ખસેડવામાં આવ્યો છે. બંને ડમ્પરના માલિકો સામે ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ, ૨૦૧૭ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# મોરબીમાં પ્રેમ પ્રકરણે બબાલ વાંકાનેરમાં યુવક પર હુમલો એકને પાસા હેઠળ જેલ




વાંકાનેરના પાંચ દ્વારકા ગામમાં એક યુવતી સાથે મૈત્રી કરાર કરનાર યુવક પર હુમલો થયો છે. લખમણભાઈ ભીખાભાઈ બહુકિયા (ઉ.વ.૩૬) નામના યુવકે વાંકાનેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, લખમણભાઈને પોપટભાઈ દંતેસરિયાની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતનો ખાર રાખીને યુવતીના પિતા પોપટભાઈ દંતેસરિયા, મનીષભાઈ પોપટભાઈ દંતેસરિયા, વિક્રમભાઈ પરસોતમભાઈ દંતેસરિયા અને મુકેશભાઈ પરસોતમભાઈ દંતેસરિયાએ હુમલો કર્યો.

ઘટના સમયે લખમણભાઈ ગામના મંદિર પાસે ઊભા હતા. ચારેય આરોપીઓએ ધોકા વડે તેમના પર હુમલો કર્યો. પોપટભાઈએ તેમના જમણા પગના નળાના ભાગે માર માર્યો. અન્ય આરોપીઓએ હાથ, પગ અને મોઢાના ભાગે માર માર્યો. આંખની નીચેના ભાગમાં પણ ઈજા પહોંચાડી.ગંભીર ઈજાઓને કારણે લખમણભાઈને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા. પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# લ્યો બોલો નવસારી મનપાનો ટેમ્પો રસ્તા વચ્ચે ખોટકાયો ધક્કા મારી ખેંચવો પડ્યો

નવસારી મહાનગરપાલિકા (NMC)ના વાહનોની ખસ્તા હાલત ફરી એકવાર સામે આવી છે. ડ્રેનેજ શાખાનો ઈલેક્ટ્રિક ટેમ્પો કુવારા વિસ્તારમાં જાહેર માર્ગ પર બંધ પડી ગયો હતો. બેટરી ચાર્જ ન હોવાના કારણે વાહન આગળ વધી શક્યું નહીં.આ ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં એક અન્ય ટેમ્પો દ્વારા બંધ પડેલા વાહનને રિવર્સમાં ખેંચી જવાતું જોવા મળે છે. આ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાની સંભાવના ઊભી થઈ હતી, જેની જવાબદારી અંગે પ્રશ્નો ઉઠ્યા છે.

આ પહેલા પણ મહાનગરપાલિકાના વાહનોની નબળી સ્થિતિ સામે આવી છે. ભૂતકાળમાં તત્કાલીન નવસારી નગરપાલિકાનું ટ્રેક્ટર એક પૈડા વગર જ રસ્તા પર દોડતું જોવા મળ્યું હતું. નવસારી નગરપાલિકાનો મહાનગરપાલિકામાં દરજ્જો ઉન્નત થયા છતાં, તંત્ર દ્વારા નવા આધુનિક વાહનોની ખરીદી માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું નથી. આ પરિસ્થિતિ શહેરની સેવાઓ પર પ્રતિકૂળ અસર કરી રહી છે.

# ગાંધીધામમાં પાર્સલમાંથી દારૂ પકડાયો ૬૫ લિટર વિદેશી દારૂ સાથે બે ઝડપાયા




ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે નશાખોરી વિરુદ્ધની કાર્યવાહીમાં મોટી સફળતા મેળવી છે. ઇન્સપેક્ટર એસ.વી.ગોજીયાની ટીમને બાતમી મળી હતી કે કચ્છ હાઈવે પર આવેલી ટ્રાન્સપોર્ટ કંપનીમાં પાર્સલ બોક્સની આડમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે.

પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી અને પાર્સલ લેવા આવેલા આરોપી મહેંદ્રસિંહ ઉર્ફે મુન્નો અરવિંદસિંહ જાડેજા (૩૭, રહે. અંતરજાળ રવેચીનગર, ગાંધીધામ)ને પકડી પાડ્યો. તપાસમાં જાણવા મળ્યું કે આ દારૂનો જથ્થો રાજસ્થાનના જોધપુર સ્થિત મનોહરસિંગ પ્રેમસિંગે મોકલ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી પ્લાસ્ટિકની સોફ્ટ ડ્રિંક અને વોટર બોટલોમાં ભરેલો ૬૫.૨૫ લીટર વિદેશી દારૂ જપ્ત કર્યો છે. જેની કિંમત રૂ. ૧.૧૧ લાખ છે. આ ઉપરાંત રૂ. ૨૫ હજારની કિંમતની મોટરસાઈકલ (GJ-૧૨-EA-૫૨૫૦) અને રૂ. ૫૦૦નો મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. દારૂ મોકલનાર મનોહરસિંગની ધરપકડ માટે પોલીસે તપાસ તેજ બનાવી છે.

# ગોધરામાં વરસાદથી જનજીવન પ્રભાવિત



જીતેન્દ્ર પટેલ -ગોધરા શહેરમાં આજે મેઘરાજાએ એકધારા ધોધમાર વરસાદ વરસ્યો હતો. એકધારા વસેલો અનરાધાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

શહેરના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જેવા કે બસ સ્ટેશન રોડ, લાલબાગ, ભૂરાવાવ રોડ, સેરાભાગોળ રોડ , ગાંધી પેટ્રોલ પંપ દાહોદ સાહિત્ય રોડ બી.આર ચેમ્બર સાયન્સ કોલેજ રોડ , અંકલેશ્વર મહાદેવ રોડ , પાંજરાપોળ રોડ અને બામરોલી રોડ પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને કેટલીક સોસાયટીઓમાં પણ ભરાઈ ગયા હતા એકધારા વરસેલા વરસાદ પાણી ભરાવાને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને રોડ-રસ્તાઓમાં પાણી ભરાઈ જવાના કારણે અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા.

અખંડ ભારત

# લુણાવાડામાં પ્લાસ્ટિક મુક્તિ માટે અનોખી પહેલઃ બહેનો જૂના કપડાંથી બનાવે છે થેલીઓ



લુણાવાડા નગરપાલિકાએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે નવતર પહેલ શરૂ કરી છે. આ અભિયાન હેઠળ નગરવાસીઓ પોતાના જૂના બિનઉપયોગી કપડાં નગરપાલિકાને આપે છે.સંસ્કૃત પાઠશાળામાં કાર્યરત સખી મંડળની છ બહેન આ કપડાંમાંથી થેલીઓ બનાવે છે. આ થેલીઓ લોકોને વિનામૂલ્યે આપવામાં આવે છે. નગરપાલિકા આ બહેનોને દૈનિક ૪૪૯નું મહેનતાણું ચૂકવે છે.આ અભિયાનથી બેવડો લાભ થઈ રહ્યો છે. એક તરફ સખી મંડળની બહેનોને રોજગારી મળી રહી છે, તો બીજી તરફ નાગરિકોને મફત કાપડની થેલીઓ મળી રહી છે. નગરપાલિકાના આ અભિયાનને લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ પહેલથી શહેરમાં પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો થશે.

# મોડાસામાં વિજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ

ડી.કે.પટેલ - આજરોજ બપોરે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ કરી ને મોડાસા શહેરની અંદર મુશળધાર વરસાદ તૂટી પડ્યો હતો. ખૂબ જ ગર્જના સાથે લોકોમાં ફફડાટ થઈ જાય એવી રીતે વારંવાર વીજળી પડવાથી આખું શહેર ધડાકાઓથી ગુંજી ઉઠ્યું હતું. આજુબાજુના વિસ્તારના લોકોમાં પણ વીજળી પડવાના કારણે દહેશત થવા પામી હતી. સમગ્ર મોડાસા શહેરમાં જળબંબાકાર થઈ ગયો હતો. વરસાદ એટલો બધો હતો કે નાના સાધનો વાળા તો સાધન પણ ચલાવી શકે તેમ હતા નહીં. સમગ્ર મોડાસા શહેરની અંદર આ વરસાદ વાદળોની ગર્જના અને વીજળીના કડાકા ભડાકા સાથે લોકોને ચિંતાતુર કરી દે તેવી સ્થિતિમાં તુટી પડયો હતો.- અખંડ ભારત.

# રથયાત્રા નું રિહર્સલ ૨૦,૦૦૦ જવાન તૈનાત, ૪૦૦+ CCTV સજ્જ



ગુજરાતની સૌથી મોટી ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા અષાઢી બીજે અમદાવાદના શહેર વિસ્તારમાંથી નીકળવાની છે. ભક્તો અને લોકોના ઉત્સાહની સાથે પોલીસ પણ આ તમામ રથયાત્રાને નિર્વિઘ્ન પૂર્ણ થાય એ માટે ખડેપગે છે. આજે (૨૪ જૂન) રથયાત્રા રોડ પર પોલીસનું મેગા રિહર્સલ યોજાયું હતું, જેમાં શહેર પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

રથયાત્રાને લઈ મુખ્યમંત્રીએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ગૃહ સચિવ, પોલીસ વડા વિકાસ સહાય, પોલીસ કમિશનર જીએસ મલિક સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સુરક્ષા અને વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.

ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રાને લઈ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. પોલીસ દ્વારા રથયાત્રાના દિવસે રોડ પર કઈ રીતે આખી વ્યવસ્થા થશે એ માટેનું એક મેગા રિહર્સલ આજે યોજાયું હતું. ભગવાન જગન્નાથના મંદિર જમાલપુરથી સવારે સાત વાગ્યે પોલીસ રથયાત્રાના રૂટ પર નીકળી હતી. સવારે સાત વાગ્યાથી ભગવાન જગન્નાથના નિર્ધારિત રૂટ પર પોલીસ અધિકારીઓ, પોલીસ જવાનો અને અલગ અલગ ફોર્સ રસ્તા પર જાણે રથયાત્રા જ નીકળી હોય એ પ્રમાણે નીકળ્યાં હતાં.

# એક સપ્તાહથી ઉંઘ્યાં નથી, હવે ભારત જઈએ તો શાંતિ મળે



છેલ્લા ૧૦ દિવસથી વાતાવરણ ખૂબ જ ડરામણું છે. ગમે ત્યારે સાયરન વાગવા લાગે છે. ઊંઘ આવતી નથી. કંઈ કરી શકીએ એમ નહોતા. મને ખબર નથી કે આ બધું ક્યારે બંધ થશે. હવે હું અહીંથી દૂર જવા માંગુ છું.જોર્ડન સરહદ તરફ જતી બસમાં બેઠેલો સુમિત સોનકર ઈઝરાયલમાં તેલ અવીવ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. બે દિવસ પહેલા સુધી, તેનો ભારત પાછા ફરવાનો કોઈ પ્લાન નહોતો, પરંતુ ૨૨ જૂને તેની યુનિવર્સિટી નજીક એક ઈરાની મિસાઈલ પડી. આ પછી, તેણે નક્કી કર્યું કે તેણે હવે ભારત પાછા ફરવું પડશે. તેને ડર છે કે પરિસ્થિતિ વધુ વણસી જશે. આ યુદ્ધ સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાઈ શકે છે.

સુમિતની જેમ, છેલ્લા બે દિવસમાં ૬૩૪ ભારતીયો ઈઝરાયલ છોડી ગયા છે. ભારત સરકારે તેમને બહાર કાઢવા માટે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે. ૨૨ જૂનની સવારે પહેલો જથ્થો રવાના થયો. તેલ અવીવમાં ભારતીય દૂતાવાસમાં બધી તૈયારીઓ થઈ ગઈ હતી, પરંતુ સવાર પડતા પહેલા સમાચાર આવ્યા કે અમેરિકાએ ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યો છે.સમગ્ર ઈઝરાયલમાં હાઈ એલર્ટ લાદવામાં આવ્યું હતું. તેમ છતાં, સમયપત્રક મુજબ, ૨૨ જૂનની સવારે ૧૬૨ ભારતીયોને બસો દ્વારા જોર્ડન મોકલવામાં આવ્યા હતા. આ લોકો જઈ રહ્યા હતા ત્યારે ઈરાને બેલિસ્ટિક મિસાઈલ હુમલો કર્યો. સાયરનનો અવાજ ગુંજી ઉઠવા લાગ્યો. તેમ છતાં, ભારતીયોને ઈઝરાયલથી શેખ હુસૈન સરહદ દ્વારા જોર્ડનની રાજધાની અમ્માન લઈ જવામાં આવ્યા.

# દાહોદ મોટીહાંડીમાં પુનઃમતદાન



ઝાલોદ તાલુકાના મોટીહાંડી ગામમાં આજે ગ્રામ પંચાયત ચૂંટણીનું પુનઃ મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાઈ રહ્યું છે. ધામણખોબરા ગામના બુથ નંબર-૨ પર ૨૨ જૂનના રોજ સરપંચ પદના સમર્થકો વચ્ચે ઉગ્ર વિવાદ થયો હતો.

માથાકૂટને કારણે મતદાન પ્રક્રિયા રદ કરવામાં આવી હતી. આજે કડક પોલીસ બંદોબસ્ત અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે મતદાન ફરી શરૂ થયું છે. ધામણખોબરા ખાતે બુથ નંબર-૨ પર કુલ ૧૧૪૪ મતદારો મતદાન કરી રહ્યા છે. આ મતદાન ૩ સરપંચ પદ અને ૬ સભ્યપદ માટે યોજાઈ રહ્યું છે.

# જાતીય શોષણ ના આરોપી સુરજ રેવન્ના એક વર્ષ થી બહાર બે વાર FIR છતાં ના તપાસ કે ચાર્જસીટ

સૂરજ રેવન્ના નેતાના વેશમાં છુપાયેલો એક ગુનેગાર છે. તેણે મને ગન્નીકાડા સ્થિત તેના ફાર્મહાઉસ પર બોલાવ્યો. તેણે મારી તબિયત પૂછી અને પછી તેના પગની માલિશ કરવાનું કહ્યું. હું તેના પગની માલિશ કરી રહ્યો હતો ત્યારે અચાનક તેણે મારી કમર પર હાથ મૂક્યો અને ગંદા કામો કરવા લાગ્યો. જ્યારે મેં તેને રોક્યો, ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને મને મારી નાખવાની ધમકી આપવા લાગ્યો. તે દિવસે સૂરજે મારી સાથે અનનેચુરલ સેક્સ કર્યું.

એક વર્ષ પહેલા ૨૩ જૂને ૨૭ વર્ષીય JD(S) કાર્યકર દ્વારા આ આરોપ લગાવ્યા બાદ MLC સૂરજ રેવન્નાની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ કર્ણાટક પોલીસે તેને એક મહિના માટે કસ્ટડીમાં મોકલી દીધો હતો. આ કેસ રાજ્યસભા સાંસદ અને ભૂતપૂર્વ PM એચડી દેવગૌડાના પરિવાર સાથે સંબંધિત હતો. તેથી, તેની તપાસ પહેલા કર્ણાટકમાં અને પછી સમગ્ર દેશમાં ફેલાઈ ગઈ.

૨૩ જુલાઈના રોજ બેંગલુરુની એક કોર્ટે જાતીય શોષણ કેસમાં સૂરજને જામીન આપ્યા. ત્યારથી, CID આ કેસની તપાસ કરી રહી છે. CID અત્યાર સુધી ચાર્જશીટ કે તપાસ રિપોર્ટ દાખલ કરી શકી નથી. સૂરજ સામે આરોપો લગાવનાર કાર્યકર્તા એટલો ડરી ગયો છે કે તે એક વર્ષથી મીડિયા સામે આવવાની હિંમત એકઠી કરી શક્યો નથી. તે એક વર્ષથી CBIની દેખરેખ હેઠળ છે.સૂરજને એક સમયે દેવગૌડા પરિવારનો સૌથી ઓછો જાણીતો અને સૌથી શિક્ષિત સભ્ય માનવામાં આવતો હતો. હવે તે એક એવા કેસનો ચહેરો છે જેણે કર્ણાટકના સૌથી શક્તિશાળી રાજકીય પરિવારના રાજકીય પ્રભાવ અને જવાબદારી પર મોટા સવાલો ઉભા કર્યા છે. સૂરજના નાના ભાઈ પ્રજ્વલ રેવન્નાની ૩૧ મે, ૨૦૨૪ના રોજ સેક્સ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી.


॥ બેસણું ॥



સ્વ. રાજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

તા. ૨૩-૦૬-૨૦૨૫, સોમવાર, જેઠ વદ તેરસ સોમવાર
(ઉ.વર્ષ. ૫૦) (ગામ. સોખડા)

ગામ સોખડા થી શરદચંદ્ર રાજેશભાઈ પટેલ ના જય સ્વામિનારાયણ વાંચશોજી દુ:ખદ સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી પટેલ રાજેશભાઈ ઈશ્વરભાઈ નો અક્ષર નિવાસ થયેલ છે. ભગવાન સ્વામિનારાયણ સદ્દગત દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.
સાસરી પક્ષ નું બેસણું તેજ સ્થળે રાખેલ છે
લિ. ચીમનભાઈ હીરાભાઈ પટેલ

બેસણું

બેસણું ૨૯-૦૬-૨૦૨૫, રવિવાર ના રોજ
સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી રાખેલ છે.

લિ. શરદચંદ્ર રાજેશભાઈ પટેલ

સ્વ ઈશ્વરભાઈ ઉકાભાઇ પટેલ - ૯૭૨૭૨૬૫૮૦૯
પૂજાભાઈ ઉકાભાઈ પટેલ - ૬૩૫૧૩૬૪૩૦૦
ભાઈલાલભાઈ ઉકાભાઈ પટેલ - ૯૭૨૫૭૧૭૭૭૩
ગોપાલભાઈ ભાઈલાલભાઈ પટેલ - ૯૯૦૯૩૩૯૧૦૫
વિશાલભાઈ ભાઈલાલભાઈ પટેલ - ૯૯૭૮૧૦૦૨૮૨
યોગેશભાઈ પૂજાભાઈ પટેલ - ૬૩૫૧૩૬૪૩૦૦

સ્થળ

મંદિર વાળુ ફળિયુ સોખડા


# રણજીત સાગર ડેમ પ્રથમ વરસાદે જ ઓવરફ્લો, નવા નીરનું સ્વાગત કર્યું, શ્રીફળ-પુષ્પવૃષ્ટિથી વધામણાં



જામનગર શહેરની જીવાદોરી સમાન રણજીત સાગર ડેમ રવિવારે પ્રથમ વરસાદમાં જ ઓવરફ્લો થયો હતો. આ પ્રસંગે નવા નીરના વધામણાં કરવા માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન.મોદી અને મેયર વિનોદભાઈ ખીમસૂરિયાએ હાજરી આપી હતી. ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા પણ ઉપસ્થિત રહ્યા હતા. શહેર ભાજપના પ્રમુખ બીનાબેન કોઠારી અને દંડક કેતનભાઈ નાખવાએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની અને કંટ્રોલિંગ અધિકારી મુકેશભાઈ વરણવા સહિત અન્ય કોર્પોરેટરો અને મહાનગરપાલિકાના અધિકારીઓએ હાજરી આપી હતી. સૌએ શ્રીફળ અને પુષ્પવૃષ્ટિ દ્વારા નવા નીરનું સ્વાગત કર્યું હતું. રણજીત સાગર ડેમ જામનગર મહાનગરપાલિકાની માલિકીનો એકમાત્ર જળાશય છે, જે શહેરને પીવાનું પાણી પૂરું પાડે છે.

# પ્રિ-મોન્સુન પર કરોડો ખર્ચાયા, છતાં વડોદરામાં ૨૭૦ સ્થળે પાણી ભરાવાની સમસ્યા



વડોદરા કોર્પોરેશને ૨૭૦ સ્થળો ઉપર ભરાતા પાણીના નિકાલ માટે મ્યુનિસિપલ કમિશનરે અધિકારીઓને કડક સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ આજ ૨૭૦ સ્થળો ઉપર પાણી ભરાયાં હતાં. એક વર્ષ થઇ ગયું હોવા છતાં પાલિકા પાણી ભરાતા સ્થળોનો નિકાલ કરી શકી નથી. પ્રિ-મોન્સુન કામગીરી પાછળ ૫૦ કરોડનો ખર્ચ

સોમવારે વડોદરા કોર્પોરેશનની પ્રિ-મોન્સુન રિવ્યુ સમિક્ષા સંકલનની બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રિ મોન્સુન કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી પાછળ રૂપિયા ૫૦ કરોડ ઉપરાંતનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ, શહેરની સ્થિતી જોતાં પ્રિ-મોન્સુન કામગીરી પાછળ ખર્ચવામાં આવેલા કરોડો રૂપિયા કેવી રીતે અને ક્યાં ખર્ચ થયા તે તપાસનો વિષય છે.

# ઉનાવા માર્કેટમાં તમાકુની આવક ઘટી



ઉનાવા માર્કેટયાર્ડમાં તમાકુની સીઝન હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ચોમાસાની શરૂઆત થતાં તમાકુની આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હાલમાં સપ્તાહમાં માત્ર ૫૦૦ બોરી તમાકુની આવક નોંધાઈ રહી છે.ચોમાસામાં ભેજને કારણે તમાકુનો માલ બજારમાં આવતો નથી. આ સાથે એરંડાની આવક પણ ૪૮૭ બોરી સુધી સીમિત થઈ ગઈ છે. એરંડાના ભાવ પ્રતી મણ રૂ. ૧૨૬૬થી ૧૩૩૯ સુધી જોવા મળી રહ્યા છે.મહેસાણા જિલ્લા અને ઉત્તર ગુજરાતમાંથી એરંડાની આવક થઈ રહી છે. ચોમાસાની અસર એરંડાની આવક પર પણ જોવા મળી રહી છે. રજકોની આવક ૧૨ બોરી નોંધાઈ છે,

# પૂરક પરીક્ષા ચૂકનારા વિદ્યાર્થીઓ માટે રાહત




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ત્યારે રાજયમાં સાર્વત્રિક ભારે વરસાદના કારણે ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આપવાથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારે મહત્ત્વનો અને વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, જે વિદ્યાર્થીઓ વરસાદ અને તેના કારણે સર્જાયેલી પરિસ્થિતિને કારણે પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યા નથી, તેમના માટે ફરીથી પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

## મોરબીમાં ટ્રાફિક જવાન પર હુમલો, શર્ટ ફાડનાર યુવક કસ્ટડીમાં!



મોરબીના શનાળા રોડ પર સરદારબાગ પાસે ટ્રાફિક બ્રિગેડના જવાન સાથે ગંભીર ઘટના સામે આવી છે. બપોરે ૧૨ વાગ્યાના સુમારે એક શખ્સે ટ્રાફિક બ્રિગેડના જવાન સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન શખ્સે જવાન સાથે માથાકૂટ કરી અને ઝપાઝપીમાં તેનું ટી-શર્ટ પણ ફાડી નાખ્યું હતું. ઘટના સમયે ત્યાંથી પસાર થતા લોકોએ આ સમગ્ર બનાવનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો. આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ટ્રાફિક બ્રિગેડના જવાન સાથે માથાકૂટનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓએ આરોપીને તાત્કાલિક ઝડપી લીધો હતો. હાલમાં આરોપીને મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## HCને ધમકીભર્યો મેલ રેની જોશીલદાના નામનો :યુવતીએ શિડ્યૂલ મેલ કર્યા હોવાની શક્યતા નથી



આજે(૨૪ જૂન) ગુજરાત હાઈકોર્ટ બાદ રાજકોટ કોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ધમકીને પગલે સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ હાલ હાઈકોર્ટની સુરક્ષા સંદર્ભે હાઈકોર્ટ પહોંચ્યા છે. જ્યારે અલગ અલગ સ્થળે બોમ્બ-સ્ક્વોડ અને ડોગ-સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ અંગે સોલા પોલીસ સ્ટેશનના પોલીસ-ઈન્સ્પેક્ટર ભુકાણે જણાવ્યું હતું કે હાલ ધમકીભર્યો મેલ હાઈકોર્ટને મળતાં અમારા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. HCને ધમકીભર્યો મેલ રેની જોશીલદાના નામથી મળ્યો છે, પરંતુ યુવતીએ શિડ્યૂલ મેલ કર્યા હોવાની શક્યતા નથી, કોઈએ તેના નામનો ઈ-મેલ કર્યો હોવાની શક્યતા સેવાઈ રહી છે.

હાલ તો આ યુવતીનું કોઈ કનેક્શન હાઈકોર્ટમાં આવેલા મેલ સાથે નથી, પરંતુ તેના ગ્રુપમાં અથવા તેના પરિચિત દ્વારા આ કોઈ ઈ-મેલ કરવામાં આવ્યો છે કે નહીં એ બાબતે તેની પૂછપરછ થશે.

## પાટણ રથયાત્રા સમિતિની ચીમકી : સૂચનાઓનું પાલન ન થાય તો ભૂખ હડતાલ



પાટણમાં આગામી ૨૭ જૂને નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રાને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રવિવારે જગન્નાથ મંદિરના સત્સંગ હોલમાં શહેરની વિવિધ એનજીઓના પ્રતિનિધિઓની મહત્વની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં એનજીઓના પ્રમુખો અને હોદ્દેદારોએ રથયાત્રા માટે ૧૮થી વધુ સૂચનો રજૂ કર્યા હતા. રથયાત્રા સમિતિના કન્વીનર પિયુષભાઈ આચાર્યએ જણાવ્યું કે છેલ્લા દસ વર્ષથી તંત્ર દ્વારા મોટાભાગના સૂચનોનું પાલન થતું નથી. તેમણે વધુમાં જણાવ્યું કે દર વર્ષે રથયાત્રા સમયસર નીકળે છે. પરંતુ પોલીસ કર્મચારીઓ ચાલુ રથયાત્રા દરમિયાન ઝાંખીઓને ડાયવર્ટ કરી યાત્રાને વેરવિખેર કરી નાખે છે. આ વર્ષે સમિતિએ જિલ્લા કલેક્ટરને લેખિતમાં સૂચનો આપ્યા છે.

સમિતિએ ચેતવણી આપી છે કે જો તંત્ર સંપૂર્ણ સહકાર નહીં આપે તો આયોજકો ભૂખ હડતાલ પર ઉતરશે. આ મુદ્દે મુખ્યમંત્રીને પણ રૂબરૂ રજૂઆત કરવામાં આવશે. બેઠકમાં પિયુષભાઈ આચાર્ય, બેબાભાઈ શેઠ, કિશોરભાઈ મહેશ્વરી સહિત મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને વિવિધ એનજીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સૌએ રથયાત્રાને સફળ બનાવવા સહયોગની ખાતરી આપી હતી.

## ધંધુકામાં વરસાદ વચ્ચે દીવાલ ધરાશાયી, જાનહાની ટળી!




ધંધુકા શહેરના ટાવર ચોક વિસ્તારમાં આજે વહેલી સવારે એક દુકાનની દીવાલ ધરાશાયી થવાની ઘટના બની છે.ગણપતિ મંદિર પાસે આવેલી આ દુકાનની દીવાલનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો.

શહેર અને આસપાસના વિસ્તારમાં થઈ રહેલા ઝરમર વરસાદને કારણે આ ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. દીવાલ ધરાશાયી થતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

## સોનગઢનો ચીમેર ધોધ વહેતો થયો



ગુજરાતમાં ૧૫મી જૂને ચોમાસાનો પ્રવેશ થયા બાદ માત્ર નવ દિવસમાં મેઘરાજાએ રાજ્યને કવર કરી લીધું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે દરિયાકાંઠે ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આજે વહેલી સવારથી દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે, જેને લઈને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

હવામાન વિભાગે આગામી ૪ વાગ્યા સુધી રાજ્યના દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, આણંદ, ખેડા, મહીસાગર, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે પાટણ, મહેસાણા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદર અને નગર-હવેલી, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, દીવ, પોરબંદર, સુરેન્દ્રનગરમાં હળવાથી મધ્યમ વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે બાકીના જિલ્લાઓમાં હળવા વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

## સાંસદ પ્રિયા અને ક્રિકેટર રિંકુનાં લગ્ન ટળ્યાં, પિતાએ કહ્યું: રિંકુ ક્રિકેટમાં વ્યસ્ત!



ક્રિકેટર રિંકુ સિંહ અને સપા સાંસદ પ્રિયા સરોજનાં લગ્નની તારીખ મુલતવી રાખવામાં આવી છે. હવે આ લગ્ન ૧૮ નવેમ્બરે કાશીમાં થશે નહીં. એવી શક્યતા છે કે લગ્ન ત્રણ મહિના પછી ફેબ્રુઆરી ૨૦૨૬માં થઈ શકે છે, જોકે નવી તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. પ્રિયાના ધારાસભ્ય પિતા તૂફાની સરોજે જણાવ્યું હતું કે રિંકુની ઘરેલુ ક્રિકેટમાં વ્યસ્ત શિડ્યૂલને કારણે લગ્નની તારીખ મુલતવી રાખવામાં આવી છે. રિંકુ સિંહ ઓક્ટોબરથી ફેબ્રુઆરી વચ્ચે રાજ્ય ટીમ માટે ઘરેલુ ક્રિકેટ રમશે. આ પછી રિંકુ અને પ્રિયા લગ્ન કરશે. અગાઉ ૮ જૂને રિંકુ અને પ્રિયાની રિંગ સેરેમની લખનઉની 'ધ સેન્ટ્રમ' હોટલમાં યોજાઈ હતી, જેમાં અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ, જયા બચ્ચન, શિવપાલ યાદવ, ઈકરા હસન સહિત ૩૦૦ VIP મહેમાનોએ હાજરી આપી હતી.

રિંગ સેરેમની દરમિયાન જ્યારે રિંકુએ સ્ટેજ પર પ્રિયાની આંગળીમાં રિંગ પહેરાવી ત્યારે તે ભાવુક થઈ ગઈ અને રડવા લાગી. રિંકુએ તેને સાંત્વના આપી. સેરેમની પછી બંનેએ કેક કાપીને એકબીજાને ખવડાવી. રિંકુ-પ્રિયાએ મહેમાનો અને પરિવાર સાથે ખૂબ ડાન્સ કર્યો.

## જામનગરમાં માનવતા જીવતી: સગર્ભાને રક્તદાનથી જીવ બચાવ્યો, દીકરીનો જન્મ!



જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ માનવતા દાખવી છે. તેમણે ચારણતુંગી વાડી વિસ્તારમાં રહેતી એક જોખમી સગર્ભા મહિલાને રક્તદાન કરી તેનો જીવ બચાવ્યો છે.

મધ્યપ્રદેશથી મજૂરી અર્થે આવેલા શારદાબેન લુલુભાઈની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોડપરમાં નોંધણી કરવામાં આવી. પાંચમા મહિને તેમનું હિમોગ્લોબિન ૧૦ હતું. આરોગ્ય ટીમે તેમને આયર્ન-કેલ્શિયમની ગોળીઓ અને પોષણયુક્ત આહારનું માર્ગદર્શન આપ્યું હતું.

એક મહિના પછી શારદાબેનનું હિમોગ્લોબિન ઘટીને ૪.૫ થયું. તેમને ખંભાળિયા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ડોક્ટરોએ તાત્કાલિક બ્લડની જરૂરિયાત જણાવી. મોડપર આરોગ્ય કેન્દ્રના ખુશાલભાઈ કંડોરીયા અને હરેશભાઈ જોગલે તાત્કાલિક રક્તદાન કર્યું હતું. રક્તદાન બાદ સગર્ભાનું હિમોગ્લોબિન ૭.૨ થયું. બે દિવસની હોસ્પિટલ સારવાર બાદ તેમને રજા આપવામાં આવી. ત્યારબાદ આયર્ન સુક્રોઝની સારવારથી હિમોગ્લોબિન ૮.૩ સુધી પહોંચ્યું હતું.

શારદાબેન મધ્યપ્રદેશ પરત ફર્યા બાદ આરોગ્ય ટીમે ત્યાંની ટીમ સાથે સંકલન કર્યું. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અલીરાજપુરમાં તેમણે ૨.૫ કિલો વજનની સ્વસ્થ દીકરીને જન્મ આપ્યો. માતા-બાળક બંને સ્વસ્થ છે. પરિવારે ફોન કરીને આરોગ્ય ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભરૂચમાં વિમાન દુર્ઘટના પીડિતોને શ્રદ્ધાંજલિ, જલારામ મંદિરે સત્સંગ સભા યોજાઈ!



ભરૂચના જલારામ મંદિર (કસક સર્કલ) ખાતે હરિપ્રબોધમ પરિવાર દ્વારા વિમાન દુર્ઘટના પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. આ આધ્યાત્મિક સભાનો મુખ્ય ઉદ્દેશ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત ભજન અને સામૂહિક ધૂનથી થઈ. ઉપસ્થિત ભાવિકોએ પીડિત આત્માઓ માટે શાંતિ પ્રાર્થના કરી. સાથે જ મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા. તેમણે મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

શ્રી મોદીએ જણાવ્યું કે રાજયના અમૂલ્ય જીવ આ દુર્ઘટનામાં ગુમાવ્યા છે. સમાજ દ્વારા કરવામાં આવેલી સામૂહિક પ્રાર્થના તેમના આત્માને શાંતિ આપશે. કાર્યક્રમના અંતે સર્વે ઉપસ્થિત લોકોએ એક મિનિટનું મૌન પાળી દુર્ઘટનાગ્રસ્તોને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## અમદાવાદમાં મકાન ધરાશાયી, રેસ્ક્યૂ દરમિયાન બે ફાયરમેન ઇજાગ્રસ્ત, બે મહિલાનો બચાવ!



ચોમાસા દરમિયાન વરસાદ પડવાથી અનેક જર્જરીત મકાનો પડી જવાની ઘટના બનતી હોય છે. શહેરના ઓઢવ રીંગ રોડથી કઠવાડા જીઆઈડીસી રોડ પર આવેલા ઔડાના હુકડો ઈન્દિરા આવાસ યોજનાના મકાનોમાં મકાનનો એક ભાગ ધરાશાયી થયો હતો, જેમાં બે મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરાતા ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મહિલાના રેસ્ક્યૂ દરમિયાન પણ મકાનનો ભાગ ફરી પડ્યો હતો. જેના કારણે બે ફાયરમેનને પણ ઈજા થઈ હતી, જેથી તેઓને પણ સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી. એક મહિલાનો પગ દિવાલના ભાગમાં ફસાઈ ગયો હતો ઓઢવ ફાયર બ્રિગેડ સ્ટેશનના અધિકારી સ્વરૂપદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ઓઢવ રીંગ રોડથી કઠવાડા જીઆઈડીસી તરફ જવાના રોડ ઉપર ઈન્દિરા હુડકો આવાસ યોજના આવેલી છે. જેમાં બીજા માળના મકાનનો ભાગ ધરાશાયી થતા બે મહિલા ફસાઈ હતી. ઓઢવ અને નિકોલ બંને ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે અમે પહોંચ્યા ત્યારે એક મહિલાને સ્થાનિક લોકોએ બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપી હતી, જ્યારે અન્ય એક મહિલા કાટમાળ નીચે ફસાયેલી હતી અને તેનો પગ દીવાલના ભાગમાં ફસાયેલો હતો.

## નિરમા સ્કૂલની વાન પલટી: ઓવરલોડને કારણે અકસ્માત, ૨ ગુના નોંધાયા



અમદાવાદના છારોડી પાસેથી પસાર થઈ રહેલી નિરમા સ્કૂલની એક વાન આજે સવારે ૧૦ બાળકો સાથે પલટી ખાઈ ગઈ હતી. પાછળથી આવતી એક વર્ના કારે ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. સદનસીબે વાનમાં સવાર કોઈ પણ બાળકને ગંભીર ઈજા થઈ નથી. જોકે, પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વાનમાં ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડવામાં આવ્યા હતા, જેને પગલે પોલીસે બે અલગ-અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વર મામલતદાર કચેરીમાં સ્વાગત કાર્યક્રમ



અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો.જેમાં જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં મામલતદાર અને પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. કુલ ૧૦ અરજદારોએ પોતાની ફરિયાદો રજૂ કરી હતી.

અધિકારીઓએ દરેક અરજદારને રૂબરૂ સાંભળ્યા બાદ ૮ અરજીઓનો હકારાત્મક નિકાલ કર્યો હતો.રાજ્ય સરકારે પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે સ્વાગત કાર્યક્રમની પહેલ કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત લોકોની ફરિયાદોનું નિરાકરણ સ્થળ પર જ કરવામાં આવે છે.

# ઈઝરાયલની ઈરાન વિરુદ્ધ હુમલા રોકવાની જાહેરાત



ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના ૧૨મા દિવસે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કરી છે. તેમણે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું, યુદ્ધવિરામ હવેથી અમલમાં આવે છે. કૃપા કરીને એને તોડશો નહીં.

# ખેરાલુમાં ૯ ફૂટના અજગરનું રેસ્ક્યૂ, એક કલાકની મહેનત બાદ જંગલમાં છોડાયો



ખેરાલુ શહેરમાં ગઈકાલે રાત્રે એક મોટો અજગર જોવા મળ્યો હતો. સેવા સદન સામે આવેલા કણજીના વૃક્ષ પર ૯ ફૂટ લાંબો અજગર દેખાતા લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. રાત્રે લગભગ ૭:૪૫ થી ૯:૦૦ વાગ્યા સુધી અજગરને પકડવાની કામગીરી ચાલી હતી. સ્થાનિક સાપ પકડનાર મહેમુદખાન અને તેમના પુત્ર અલીખાન તેમજ વન વિભાગના કર્મચારીઓએ સંયુક્ત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

એક કલાકની ભારે જહેમત બાદ અજગરને સફળતાપૂર્વક પકડી લેવામાં આવ્યો હતો. વન વિભાગની ટીમે અજગરને સુરક્ષિત રીતે તારંગાના જંગલમાં છોડી દીધો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે કુતૂહલ સર્જ્યું હતું.

# મહેસાણામાં લોનના બહાને ઓનલાઈન ઠગાઈ, આરોપી ઝડપાયો




દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે ફેસબુક પર ઓછા વ્યાજ દરે પીએમ મુદ્રા લોન આપવાના નામે છેતરપિંડી કરતા આરોપીની ધરપકડ કરી છે. જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સાયબર સેલની ટીમે મહેસાણા જિલ્લાના રહેવાસી અને મૂળ રાજકોટના ૩૮ વર્ષીય આશિષ રામજીભાઈ તલસાણીયાને પકડી પાડ્યો છે.

આરોપી પાસે આવકનો કોઈ સ્ત્રોત ન હતો. તેણે સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ બનાવી લોન આપવાની જાહેરાતો મૂકી હતી. લોકોને વિશ્વાસમાં લઈ વોટ્સએપ મારફતે વાત કરી ઓનલાઈન પેમેન્ટ મેળવતો હતો.

ડીવાયએસપી વી.પી. માનસેતાના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસના આધારે આરોપીને પકડ્યો છે. પોલીસે આરોપીના બેંક એકાઉન્ટ સહિતની વિગતો કબજે કરી છે. પીઆઈ વી.કે. કોઠીયા આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# ૪૦૦ કિલો યુરેનિયમ ગયું ક્યાં ?’



ઈરાન ઇઝરાયલ યુદ્ધમાં એન્ટ્રી લેતાં અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કર્યો હતો. જો કે, આ હુમલા બાદ અમેરિકા પોતે ગોથે ચડ્યું છે. જેની પાછળનું કારણ ૪૦૦ કિગ્રા યુરેનિયમ ભંડાર છે. અમેરિકાના વાઇસ પ્રેસિડન્ટ જેડી વેન્સે જણાવ્યું હતું કે, ઈરાનના પરમાણુ મથકો પર બંકર બસ્ટર બોમ્બ બ્લાસ્ટ બાદ ૪૦૦ કિગ્રા યુરેનિયમના ભંડારનો હિસાબ મળી રહ્યો નથી. ૧૦ પરમાણુ હથિયાર બનાવવા પર્યાપ્ત યુરેનિયમ અંતે ક્યાં ગયું તેની કોઈ જાણકારી મળી રહી નથી. આ ગુમ યુરેનિયમ ૬૦ ટકા શુદ્ધ છે.

# સુરત સિટી બન્યું બીચ સિટી સીમાડા ખાડીનું પાણી ઘરોમાં ઘૂસ્યું



સુરતમાં ગતરોજ (૨૩ જૂન) બપોર બાદ વરસાદે વિરામ લીધા હતો. જોકે, રાત્રિના બે વાગ્યા બાદ ફરી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ૨૪ જૂનની સવારે ૪ વાગ્યાથી ૬:૦૦ વાગ્યા સુધીમાં સુરતમાં વધુ ચાર વરસાદ ખાબક્યો હતો. તો ૬:૦૦ વાગ્યાથી ૮:૦૦ વાગ્યા સુધીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પગલે સુરતના નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણથી લઈને ગળા સુધી પાણી ભરાઈ ગયા છે. પાણી ભરાવાની સ્થિતિના કારણે સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. તો બીજી તરફ પાણીમાં ફસાયેલા લોકોનું તંત્ર દ્વારા ટ્રેક્ટર અને બોટ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે.જીસ્ઝના ‘સ્માર્ટ વર્ક’થી સ્માર્ટ સિટીની ગલીએ ગલીએ પાણી ભરાયેલા જોવા મળી રહ્યાં છે. ડાયમંડ સિટી જાણે બીચ સિટી બન્યુ હોય તેવુ હાલ લાગી રહ્યું છે.

શહેરના દશ્યો જોતા લાગે છે કે, સુરતીઓને માલદીવ્સ જવાની જરૂર નથી.

# બેફામ ટ્રેઈલરનો કહેર: ૧૦૦ ઘેટાંના મોત, ચાલક ઝડપાયો



પાટણ નજીક વારાહી પાસે પાલનપુર-કંડલા નેશનલ હાઈવે પર સોમવારે રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો. ફોજી કોમ્પ્લેક્ષ નજીક હાઈવે ક્રોસ કરી રહેલા ઘેટાંના ટોળા પર પૂરઝડપે આવી રહેલા ટ્રેલરે અડફેટે લીધા.આ અકસ્માતમાં લગભગ ૧૦૦ ઘેટાંના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા. અનેક ઘેટાં ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. વારાહી પોલીસને જાણ થતાં તેઓ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા. પોલીસે મૃત ઘેટાંઓને હાઈવે પરથી હટાવી ટ્રાફિક પૂર્વવત કર્યો. પોલીસે ટ્રેલરના ચાલકની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ટ્રેન ટિકિટ મોંઘી થશે, ભાડા વધારાનો નિર્ણય ૧ જુલાઈથી લાગુ!



મુસાફરોને આંચકો આપતાં ભારતીય રેલવેએ ૧ જુલાઈ, ૨૦૨૫થી એસી અને એક્સપ્રેસ ટ્રેનના ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય વધતાં ખર્ચ, ઈંધણના ભાવ અને જાળવણી ખર્ચને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેમજ રાહતના સમાચાર એ છે કે આ ભાવ વધારો અમુક કેટેગરીમાં જ કરવામાં આવ્યો છે.

રેલવેના નવા ટેરિફ મુજબ, જનરલ સેકન્ડ ક્લાસમાં ૫૦૦ કિમી સુધીની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો થશે નહીં. પરંતુ જો મુસાફરી ૫૦૦ કિમીથી વધુ હોય, તો પ્રતિ કિલોમીટર અડધા પૈસાનો ભાવ વધારાનો ચૂકવવાનો રહેશે.શહેરી ટ્રેનના ભાડામાં કોઈ ફેરફાર નહીંઆ ઉપરાંત, મેઈલ/એક્સપ્રેસ ટ્રેન(નોન-એસી)માં મુસાફરી કરનારાઓએ હવે પ્રતિ કિલોમીટર ૧ પૈસો વધુ ચૂકવવા પડશે.

તેમજ એસી ક્લાસ ટિકિટમાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. શહેરી ટ્રેનના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જેનાથી લાખો દૈનિક મુસાફરોને રાહત મળશે. તેમજ પાસના રેટમાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

# સુરતની ખાડીમાં ત્રણ યુવક તણાયા, બેનો બચાવ , એક ગુમ

સુરત ખાડીમાં ત્રણ યુવક તણાયા છે. ફાયર બ્રિગેડે બેનો બચાવ કર્યો હતો જ્યારે એક યુવક હજુ ગુમ છે.પુણા-કુંભારિયા વિસ્તારમાં આવેલી એક ખાડીમાં આજે સવારે બનેલી ઘટનામાં એક યુવક ખાડીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. ફાયર બ્રિગેડ દ્વારા યુવકની શોધખોળના પ્રયાસો યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર આજે સવારે ત્રણ જેટલા યુવકો ખાડી પાસે હતા ત્યારે અચાનક પાણીનો પ્રવાહ વધતા તેઓ ફસાઈ ગયા હતા. આ પૈકી બે યુવકોને ફાયર બ્રિગેડ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને ખાડીમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, ૧૮ વર્ષીય અર્જુન નામનો યુવક હજુ પણ લાપતા છે અને તેની શોધખોળ ચાલી રહી છે.

ફાયર બ્રિગેડના જવાનો અને સ્થાનિક તંત્ર દ્વારા અર્જુનને શોધવા માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો પણ અર્જુન સહીસલામત મળી આવે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે.

સુરતમાં ગતરોજ (૨૩ જૂન) બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો. જોકે, રાત્રિના બે વાગ્યા બાદ ફરી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ૨૪ જૂનની સવારે ૪ વાગ્યાથી ૬:૦૦ વાગ્યા સુધીમાં સુરતમાં વધુ ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તો ૬:૦૦ વાગ્યાથી ૮:૦૦ વાગ્યા સુધીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પગલે સુરતના નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણથી લઈને ગળા સુધી પાણી ભરાઈ ગયા છે.


પાણી ભરાવાની સ્થિતિના કારણે સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. તો બીજી તરફ પાણીમાં ફસાયેલા લોકોનું તંત્ર દ્વારા ટ્રેક્ટર અને બોટ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે.

# લગ્નની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ, રિલ શોખીન આરોપી દાગીનાં-નોટો સાથે ઝડપાયો

વડોદરા શહેરમાં સામાજિક કાર્યકર વિલ્સન સોલંકીએ ૨૪ વર્ષીય યુવતી પર સતત ૯ વર્ષ સુધી દુષ્કર્મ આચરતા છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આ યુવતી જ્યારે ૧૫ વર્ષની હતી, ત્યારે તેને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેની પર દુષ્કર્મ આચરતો હતો. લગ્નનો વાયદો કર્યા પછી તેને યુવતીને તરછોડી દીધી હતી. જેથી યુવતીએ વિલ્સન સોલંકી સામે દુષ્કર્મ અને પોક્સોની ફરિયાદ છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.આરોપી ગોલ્ડ પહેરવાનો શોખીન છે, આ ઉપરાંત ટેબલ મોટી રકમની ચલણી નોટો મુકીને રિલ્સ બનાવીને વાયરલ કરી છે અને પુષ્પા સ્ટાઈલમાં વીડિયો પણ વાયરલ થયો છે અને અગાઉ તે રાષ્ટ્રીય સમાજ પક્ષમાંથી કોર્પોરેશનની ચૂંટણી પણ લડી ચૂક્યો છે.



# ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય વિઝિટિંગ ડોક્ટરોના માનદ્ વેતનમાં વધારો



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સી.એમ.સેતુ યોજના અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોના માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે.

આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા તમામ પ્રકારના ખાનગી સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોને સી.એમ.સેતુ યોજના અંતર્ગત રોજના લઘુતમ ૩ કલાકની ફરજિયાત સેવા બાદ પ્રતિ દિન રૂ. ૪,૨૦૦ માનદ વેતન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.આ અગાઉ પીડિયાટ્રિશિયન અને જનરલ ફિઝિશિયન પ્રતિ દિન રૂ. ૩ હજાર અને તે સિવાયના અન્ય તજજ્ઞ ડોક્ટર્સને પ્રતિ દિન રૂ. ૨ હજાર માનદ વેતન આપવામાં આવતું હતું.

# જોર્ડનથી લઈને ઓમાન અને સીરિયા સુધી... વિશ્વના ૫૧ દેશોમાં અમેરિકન સેનાની હાજરી



જગત જમાદાર અમેરિકાએ ઈઝરાયલ-ઈરાન યુદ્ધમાં કૂદીને પોતાની સૈન્યશક્તિનો પરચો બતાવવા માંડ્યો છે. અમેરિકા ઝડપથી આ યુદ્ધમાં સક્રીય થઈ શક્યું એનું કારણ છે મધ્ય પૂર્વના દેશોમાં એની કાયમી હાજરી. મધ્ય પૂર્વ જ શું કામ, દુનિયાના ઓછામાં ઓછા ૫૧ દેશોમાં અમેરિકાના સૈન્યની હાજરી છે. અમેરિકાની ધરતી બહાર એના ૧૨૮ લશ્કરી થાણાં છે! ચાલો જાણીએ કે અમેરિકાના મહત્ત્વપૂર્ણ લશ્કરી થાણાં ક્યાં ક્યાં આવેલા છે અને કયા કારણસર અમેરિકાની સેના બીજા દેશોમાં કાયમી અડ્ડો જમાવી દે છે.

બીજા વિશ્વયુદ્ધથી અમેરિકન સૈન્ય બીજા દેશોમાં ઘર કરવા લાગ્યું

બીજા વિશ્વયુદ્ધમાં જીત્યા પછી અમેરિકાને મહાસત્તા બનવાની ચાનક ચઢી. ફક્ત અમેરિકાની ભૂમિમાં રહીને વૈશ્વિક પ્રભાવ બનાવવો મુશ્કેલ હતું. પ્રતિસ્પર્ધીઓ પર બાજનજર રાખીને એમનાથી એક કદમ આગળ રહેવું હોય તો દુનિયાના વિવિધ ખૂણે હાજર રહેવું જરૂરી હતું.

વિશ્વયુદ્ધ પછીના સમયમાં ઘણા દેશોની આર્થિક સ્થિતિ નબળી હતી. પડોશી દેશો ગમે ત્યારે હુમલો કરી દેશે એ પ્રકારની શંકાનું વાતાવરણ હતું.

એવા દેશોએ પોતાની સુરક્ષા માટે અમેરિકાના સૈન્ય દળોને આવકાર્યા. ત્યારથી અમેરિકા એવા ગરજવાન દેશોમાં ઘર કરી ગયું. પછી એ યુરોપના દેશો હોય કે એશિયાના. સભ્ય દેશોને સંયુક્ત સુરક્ષા પ્રદાન કરવાના નામે અમેરિકાએ નાટો જેવું સંગઠન પણ સ્થાપ્યું અને નાટો દળોની આડમાં પોતાના સૈનિકોને વિવિધ દેશોમાં તહેનાત કરી દીધા.

# પીપલોદના મેઈન બજારમાં વરસાદી પાણીનો ભરાવો



વિપુલકુમાર બારીયા - દાહોદ ગોધરા રોડ પર પર વરસાદનું પાણી ભરાઈ જતાં પિપલોદ બજારમાં આવતા આજુબાજુના રોજગાર મેળવવા તથા રોજીંદી અવરજવર કરતા લોકો માટે આવતા લોકો તથા શાળાએ આવતા નાના નાના બાળકો બાઈક સવારો માટે મોટી સમસ્યા ઊભી થઈ છે.પીપલોદ બજારમાં ભરાઈ રહેતા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અને સ્થાનિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા તંત્ર આગળ આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે.- અખંડ ભારત

# ગુજરાત સાહિત્ય અકાદમીના “દક્ષિણ ગુજરાત સાહિત્ય ઉત્સવ ને વલસાડવાસીઓએ મન ભરીને માણ્યો

કવિ સંમેલન, વાર્તા વાચિકમ્, પરીક્ષાની જિંદગી અને જિંદગીની પરીક્ષા તેમજ લોકગીતની સરવાણી વહી,ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર —દ્વારા “રામની વાડીએ દક્ષિણ ગુજરાતનો ×સાહિત્ય ઉત્સવ× વલસાડના ધરમપુર રોડ ઉપર સાંઈલીલા મોલના રીગલ -બેન્કવેટ હોલમાં યોજાયો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના ચેરમેન ભાગ્યેશ ઝા ના માર્ગદર્શન હેઠળ સાહિત્ય ઉત્સવ વલસાડની પુસ્તક પરબ સંસ્થા, સાહિત્ય પ્રભાત ધરમપુર, વિદ્યામૃત વર્ષિણી પાઠશાળા અને -પત્રકાર વેલ્ફેર એસોસિએશન સહિતની સંસ્થાઓની સહભાગીતા સાથે ઉજવાયો હતો. જેમાં સાંજે પ્રથમ સત્ર નંદીગ્રામની નિશ્રામાંપ કવિ સંમેલનમાં રાજેન્દ્ર શુકલ,માધવ રામાનુજ, અશોક ચાવડા, સુરેશ વિરાણી, નિરજા પારેખ અને હરદ્વાર ગોસ્વામી સહિતના કવિઓએ ભરવરસાદના માહોલમાં શ્રોતાઓને એકથી એક ચઢિયાતી કવિતાઓથી ભીજવ્યા હતા. બીજુ સત્ર વાર્તા વાચિક્મમાં નૈષધ પુરાણી અને તેમની ટીમે હેમાંશી શૈલત તથા કુંદનિકા કાપડીયાની વાર્તા તથા જયોતિન્દ્ર દવેના નિબંધનું વાંચમ દ્વારા લોકોને હાસ્યથી તરબોળ કર્યા હતા. પરીક્ષાની જિંદગી અને જિંદગીની પરીક્ષા વિષય પર હર્ષ મેસવાણીયાએ પાંચ એફનું મહત્વ સમજાવ્યું હતું. જેમાં ફોક્સ- જે તે વિષય પર ધ્યાન કેન્દ્રિત કરો, ફિયરલેશ-જો ડર ન હોય તો ઘણુ બધુ પાર કરી શકાય છે, ફેઈથ એટલે ભરોસો, તમે આ કામ કરી શકો

એવો વિશ્વાસ હોવો જોઈએ, ફર્મ- દઢ મક્કમ નિર્ધાર હોય તો અઘરા સાહસ પણ પાર પાડી શકાય છે અને ફિનિશ- કોઈ કામ શરૂ તો કરી દેવાય છે પણ તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવાનું એ પણ એક અલગળા છે.

પરીક્ષાની જિંદગી અને જિંદગીની પરીક્ષા વિષય પર બીજા વક્તા લલિત ખંભાયતાએ કલાસરૂમની પરીક્ષા કરતા જીવનની પરીક્ષા વધુ મહત્વની હોવાનું જણાવી બદલાતા જતા સમય સાથે ટેકનોલોજીથી અપડેટ રહેવાની વાત કરી હતી. ચોથા અંતિમ સત્રમાં તીથલ તટે લોકસંગીતની સરવાણીમાં લોકગીત ગાયક કલાકાર હાર્દિક દવે અને તેમની ટીમે ગંગા સતીનું વીજળીના ચમકારે મોતીડા પરોવે પાન બાઈપ ઝવેરચંદ મેઘાણીની વરસાદની કવિતા, લોક કવિના ગીતો અને સંસ્કૃત, પ્રાકૃત તેમજ ચારણી ભાષાનો સમન્વય કરતી શિવની કવિતા સંગીતના તાલે ઝુમી ઉઠ્યા હતા. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર જયેન્દ્રસિંહ જાધવે જણાવ્યું કે, કલાકાર હાર્દિક દવે જ્યારે જ્યારે ગાય છે ત્યારે તેમના ગીત અને ભજનોમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. વલસાડમાં સાહિત્ય ઉત્સવને સફળતાપૂર્વક પાર પાડવાનું કાર્ય પ્રો.ડો.આશા ગોહિલ, હાર્દિક પટેલ અને તેમની સમગ્ર ટીમે કર્યુ છે.... અખંડ ભારત

# યોગ દિનની ઉજવણી કરાઈ



જશુભાઇ ચૌધરી - શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગરમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે કોલેજના આચાર્ય ડૉ.એમ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ “યોગ સંગમ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમારી સંસ્થાની ૧૦૪ વિદ્યાર્થીનીઓ અને સર્વે સ્ટાફ પરિવાર તથા અમારી માતુશ્રી જોઈતીબા મહિલા કોલેજની ભગીની સંસ્થાના ચૌધરી બી એડ કોલેજના સર્વે સ્ટાફ મિત્રોએ આ “યોગ સંગમ” કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.- અખંડ ભારત

# ઝઘડીયામાં કેમિકલ યુક્ત પાણી મુદ્દે જીપીસીબીએ તપાસ હાથ ધરી



પરેશ પ્રજાપતિ - ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલ મનમોહન મિનરલ એન્ડ કેમિકલ નામની કંપનીમાંથી વરસાદી પાણી સાથે પ્રદૂષિત પાણી વહી રહ્યાની ફરિયાદ જાગૃત આગેવાન સલીમભાઈ પટેલ દ્વારા જીપીસીબી અંકલેશ્વરને ફોટા અને વીડિયો સાથે કરવામાં આવી હતી, ફરિયાદ ના પગલે જીપીસીબી દ્વારા સ્થળ તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો, અવારનવાર હવા અને પાણી પ્રદૂષિત થતા હોય તેનો સામનો કરતા સ્થાનિક નાગરિક ઈરફાનભાઈએ જણાવ્યું હતું કે અમો સ્થાનિક ખેડૂતો છીએ અને કંપનીઓમાંથી પ્રદૂષિત પાણી વરસાદી કાસમાં છોડી દેવાતા અમારી જમીનો ખરાબ થઈ રહી છે, અમારા પાણીના બોર ખરાબ થાય છે, અમારું ભૂગર્ભ જળ પ્રદૂષિત થઈ રહ્યું છે. ઝઘડિયા જીઆઈડીસીમાં અમારી જમીનો ગુમાવી અને બચેલ જમીન પ્રદૂષિત થઈ રહી છે, અમારા રોજગારી છીનવાઈ છે, જીઆઈડીસીમાં જમીનો ગુમાવનારા અસરગ્રસ્તોને રોજગારીના બદલે હવા પાણી ની પ્રદુષણ મળે છે, તેથી આ પ્રદૂષણ બંધ થવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.-અખંડ ભારત

# ધનસુરા ગ્રામ પંચાયત સિનિયર ક્લાર્કનું હાર્ટ અટેક થી મોત

આકાશ ખાંટ - ધનસુરા ગ્રામ પંચાયતમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા પ્રદીપભાઈ ભાવસાર નું હાર્ટ અટેક આવતા મોત નિપજ્યું હતું.ધનસુરા ગ્રામ પંચાયત માં વર્ષોથી કર્મઠ અને નિષ્ઠાવાન ફરજ પ્રત્યે સજાગ એવા પ્રદીપભાઈ નું અચાનક હાર્ટ અટેકથી મોત નીપજતા પરિવાર સહિત ગામ પંથકમાં શોકની કાલિમાં છવાઈ જવા પામી હતી.-અખંડ ભારત

# માણેકપુરની આંગણવાડી કેન્દ્રને દોઢ વર્ષથી ખંભાતી તાળા



રાજેન્દ્ર ઠક્કર - સૌ ભણે સૌ આગળ વધેની મોટી મોટી રાજ્ય સરકારની વાતો વચ્ચે પાટનગરના માણસા તાલુકાના માણેકપુર ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર - ૨માં આંગણવાડી કાર્યકર બહેનની જગ્યા ભરવામાં ન આવતા છેલ્લા દોઢેક વર્ષથી આ આંગણવાડી કેન્દ્રને ખંભાતી તાળા લાગી ગયા છે.આ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકરની ભરતી કરવામાં આવે નાના બાળકોનો શિક્ષણનો પાયો મજબુત થાય તે દિશામાં સ્થાનિક તંત્ર દ્વારા પગલા લેવાય તેવું સ્થાનિક ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

-અખંડ ભારત

# બિલવારી થી ખાજુરના રસ્તાનું ધોવાણ



રાહુલભાઈ વળવી - સુબીર તાલુકાના બિલબારી થી ખાજુરના રસ્તા પરના ઘાટ પાસે સાઈટ સોલ્ડર તેમજ રસ્તાનું ધોવાણ થતાં આ માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો હોઈ કોઈ જાનહાની સર્જાય તે પહેલા સત્વરે મરામત કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ ઉઠી છે. - અખંડ ભારત

# શહેરામાં વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી



મોહસીન લુહાર - પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા પંથકમાં વાવણી લાયક વરસાદ વરસતા જગતના તાતમાં ખુશી પ્રવર્તિ છે.વરાપ નિકળતા જ ખેડૂતો ખેતીકામમાં પરોવાઈ જશે.બાફ અને ઉકળાટ ભરી ગરમી વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.-અખંડ ભારત

# ઝાલોદમાં કોતરોના પાણી ઘર અને ખેતરોમાં ઘૂસ્યા



પપ્પુ ડામોર - ઝાલોદ તાલુકાનાં ચૌદ ગામોમાંથી પસાર થતો દિલ્હી મુંબઈ કોરીડોર હાઈવેના ચાલતા કામને કારણે કોતરો પુરાઈ જતાં કોતરોના પાણી આસપાસના ખેતરો અને ખેત સિમાડામાં વસવાટ કરતા ખેડૂત પરિવારોના ઘરોમાં ઘૂસી જતાં ખેડૂત પરિવારોની હાલત કફોડી થવા પામી છે.ચોમાસુ વાવણી કરેલ ખેતી પાક પણ નિષ્ફળ જવાની સંભવના ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.વરસાદી પાણી નાં નિકાલ ની વ્યવસ્થા ન કરવામાં આવતાં આજે પહેલાં વરસાદમાં જ ઝાલોદ નાં ચૌદ ગામોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

- અખંડ ભારત

# શિનોર મામલતદાર કચેરી ખાતે આજે મતગણતરી હાથ ધરાશે




સાબ્બીર રાઠોડ -શિનોર તાલુકામાં ૧૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી જાહેર થયા પછી તેમાંથી ચાર ગ્રામ પંચાયત પુનિયાદ ,માલપુર ,સાંધા અને દામાપુરા સમરસ જાહેર થયા પછી સાત ગ્રામ પંચાયતોમાં તથા સરપંચની બે પેટા ચૂંટણી તારીખ ૨૨ જૂનના રોજ યોજાયા પછી તેની મતગણતરી તારીખ ૨૫ જૂન બુધવારે મામલતદાર કચેરી શિનોર મુકામે સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે.-અખંડ ભારત

# નેત્રંગમાં આજે મતગણતરી હાથ ધરાશે

પ્રતિક પ્રજાપતિ - ૨૨ જુનના રોજ નેત્રંગ તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી ચુંટણી શાંતિપુણ માહોલમાં યોજાનાર હતી, જેમા (૧) અશનાવી ગ્રામ પંચાયત (૨) ચીખલી ગ્રામ પંચાયત (૩) સજણવાવ ગ્રામ પંચાયત (૪) કોલીવાડા ગુપ ગ્રામ પંચાયત (૫) મોટામાલપોર ગ્રામ પંચાયત. જ્યારે વાંકોલ ગુપ ગ્રામ પંચાયત ની વોર્ડ નંબર ૭ ઉમરખરડા બેઠક ની ખાલી પડેલ સભ્ય પદની બેઠક માટે ચુટણી યોજય હતી છે. જેમાં સરેરાશ ૯૦. ૯૫ ટકા મતદાન થયેલ હતુ.

ઉપરોક્ત ગ્રામ પંચાયતોની યોજાયેલ ચુંટણી મા સરપંચ પદ માટે ૧૨ ઉમેદવારો તેમજ વોર્ડ સભ્ય પદ માટે ૭૫ ઉમેદવારો મેદાનમાં હતા. જેની મતગણતરી આજે તા.૨૫ ના રોજ સવારે ૯ કલાકથી મામલતદાર રીતેશ કોંકણી ની સીધી દેખરેખ હેઠળ મામલતદાર કચેરી ખાતે ૨ રૂમમાં હાથ ધરાશે જે ગણતરીમાં પોલીસ સ્ટાફ થી લઇ અન્ય કર્મચારીઓ મળી કુલ્લે ૧૧૦ લોકો કામગીરી બજાવશે- અખંડ ભારત

# પી. એમ. શ્રી તાલુકા શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરાઈ

વિપુલકુમાર બારીયા - દાહોદમા આવેલ પી. એમ. શ્રી તાલુકા શાળા લીમખેડા ખાતે બીઆરસી, સીઆરસી, શાળાના શિક્ષકો અને વાલીઓની ઉપસ્થિતિમાં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના કરવામાં આવી છે.શાળા વ્યવસ્થાપન સમિતિની રચનાઓ થકી શિક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક સ્તરે અનેક સુધારો શક્ય અને સફળ બન્યા છે. આ પહેલ દરેક શાળા માટે લાભદાયક તથા જરૂરી છે.શાળા વ્યવસ્થાપન



સમિતિ અંતર્ગત વાલીઓ તથા શાળાના શિક્ષકોની ખૂબ મહત્વપૂર્ણ અને સહિયારી ભૂમિકા હોય છે.-અખંડ ભારત

# સાવરકુંડલામાં વરસાદથી ધોવાયેલા માર્ગોનું મરામત કામ હાથ ધરાયું

વનરાજભાઈ - અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં થોડા દિવસો પહેલાં પડેલા અતિભારે વરસાદના પગલે ગ્રામ્ય વિસ્તારોમાં અનેક રસ્તાઓ ધોવાઈ ગયા હતા, જેને કારણે વાહનવ્યવહારને અસર પહોચી હતી.

ખાસ કરીને એક ગામથી બીજા ગામને જોડતા મુખ્ય અને સહાયક માર્ગો પૂર અને નદી-નાળાની પાળ તૂટી જતા સંપૂર્ણપણે અવરોધિત થયા હતા. પરિણામે અનેક ગ્રામો સંપર્ક વિહોણા બન્યા હતા અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા.

પરિસ્થિતિને ધ્યાને લઈ પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા તરત જ યુદ્ધના ધોરણે માર્ગોની મરામતની કામગીરી શરૂ કરવામાં આવી હતી તંત્ર દ્વારા વિશેષ ટીમો નિયુક્ત કરી અગ્રિમ પ્રાથમિકતાના આધારે રસ્તાઓ ખુલ્લા કરવા માટે કાર્ય શરૂ કરાયુ હતું .વિજપડી—ડેડકડી રોડ, લીખાળા—ખડખલી રોડ, મઢડા—ડેડકડી રોડ,ફીફાદ—ઘોબા—પીપડી રોડ, તેમજ મેવાસા—કલ્યાણપુર વજયનગર સહિતના મહત્વના ગ્રામ્ય માર્ગો ભારે વરસાદ ને કારણે ભારે નુકશાન પહોંચ્યું હતું પંચાયત માર્ગ ને મકાન વિભાગ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી હાલ ગ્રામ્ય વિસ્તારમાં તૂટેલા રસ્તાઓ ની મરામત કરી શરૂ કરવામાં આવ્યું છે.

-અખંડ ભારત

# માઝુમ ડેમમાંથી પાંચ હજાર ક્યુસેક પાણી છોડાશે,નદી કાંઠા ગામોને એલર્ટ કરાયા

આકાશ ખાંટ - અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ સર્જાયો છે. જેને પગલે જિલ્લાના જળાશયોમાં પાણીની આવક જોવા મળી રહી છે. જેને પગલે આજ રોજ ૧૬:૦૦ કલાકે માઝમ જળાશય યોજનાનું આજનું રૂલ લેવલ ૧૫૫.૦૦ મી જાળવવા માટે આશરે ૫૦૦૦ ક્યુસેક પાણી માઝૂમ નદીમાં છોડવાની સંભાવના હોઈ સાવચેતીના પગલા લેવા ડેમના ઓવરફ્લો થયેથી અસરપામતા મોડાસા તાલુકાના વોલ્વા, હફસાબાદ, બાજકોટ, ગણેશપુરા, પહાડપુર, સાયરા, મોડાસા કાશી વિશ્વનાથ મંદિર, સબલપુર, ખડોદા, ગારુડી, સિતપુર, મોડાસા, ધુનાવાડા, મોડાસા સીટીને એલર્ટ અપાયું છે. તો ધનસુરા તાલુકાના વડાગામ, ખિલોડીયા, મહાદેવપુરા, અલ્વા, ઉમેદપુરા, નવી શીણોલ, બીબીપુરા, કણજોરીયા, દોલપુર, જામઠા, રામપુર, રાજપુર અને બાયડ તાલુકાના આંખોલ, ચાંદરેજ, આંબલીયારા, વાસણી, જોબરાજીની મુવાડી, માથાસુલિયા, લિંબ, ઉંટરડા, અમરભારતી સ્કુલ, મોટા પાવઠી, પાલડી ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

સાથે જ આ ગામના તલાટી-કમ- મંત્રી તેમજ સરપંચોને તે ગામોના માણસોએ નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં ન જવા માટે સૂચના આપવામાં આવી છે.

-અખડં ભારત

# સાધલી- શિનોર હાઈવે ઉપર પાણી ભરાતા વાહન વ્યવહાર થયો બંધ



સબ્બીર રાઠોડ - શિનોર તાલુકામાં સતત વરસાદના કારણે આજે તારીખ ૨૪ સાધલી થી શિનોર વચ્ચે મિઢોળ પાસે પાણી ભરાતા સાધલી- શીનોરનો વાહન વ્યવહાર બંધ થયો છે ,છતાં ઘણા યુવાનો જાનના જોખમે બાઈકો તથા ફોરવીલ ગાડી કાઢતા નજરે ચડ્યા છે. શિનોર પોલીસ બંદોબસ્ત રાખે એ જરૂરી છે.કુકસ થી દામાપુરા વચ્ચે શિનોર જવાના રસ્તે માર્ગ મકાન તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષથી બે નાળા નું કામ ચાલુ છે ,જે પૂરું થયું ના હોવાથી કુકસ -દામાપુરા વચ્ચે પાણી ભરાતાં આ રસ્તો આહનનું પાણી આવવાથી અને નાળુ ના બનવાના કારણે બંધ થયો છે.

જે સામેલ તસવીરમાં દેખાઈ આવે છે જવાબદાર તંત્ર જાગૃત બનીને કામગીરી કરે એવી માંગ ઉઠી છે.

-અખંડ ભારત

## આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયા અટકાવા જરૂરી સૂચનો જાહેર કરાયા

રાકેશ રાવત- ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે.રાજ્યમાં મુશળધાર વરસાદ ખાબકી ચૂંક્યો છે.ત્યારે વરસાદી માહોલ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાથી અને મેલેરીયાના ફેલાવાથી અટકાવા માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા અને કેટલાક સૂચનો જાહેર કરાયા છે.સ્વચ્છતા જાળવી,હાથ-પગ સાબુથી સાફ કરવા,ક્લોરીન યુક્ત પાણીનો ઉપયોગ કરવો,ખુલ્લામાં શૌચક્રીયા ટાળવી,શરીરના ભાગો ઢંકાયેલા રહે તેવા કપડા પહેરવા વગેરે સૂચનો કરાયા છે.

- અખંડ ભારત

## મીરાખેડીમાં વિજળી પડતા બળદનું મોત



પપ્પુ ડામોર - ઝાલોદ તાલુકા નાં મીરાખેડી ગામે સાંજના સુમારે વરસાદી માહોલ દરમ્યાન વિજળી પડતા પશુપાલક અરવિંદભાઈ ધખલાભાઈ ડાંગીનાં બળદ નું મોત નિપજતાં ખેડૂતનો સાથી મિત્ર બળદનું મોત નિપજ્યું હતું.. -અખંડ ભારત

## બાકરોલ માર્ગ ઉપર પાણીનો ભરાવો



ઠાકોર રવિન્દ્રસિંહ - પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા બાકરોલ ગામ કાલોલ જવાના રસ્તા પર દર ચોમાસે પાણીનો ભરાવો થઈ જતો હોઈ આ માર્ગ ઉપરથી પસાર થતાં નાના મોટા વાહન ચાલકો,સ્થાનિક રાહદારીઓને ચોમાસા દરમ્યાન મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોઈ આ સમસ્યાનું નિરાકરણ તંત્ર દ્વારા લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

-અખંડ ભારત

## ચીની યોજનાના રજીસ્ટ્રેશન માટે પ્રક્રીયા શરૂ



રોનક પંડ્યાર - ધનસુરા તાલુકાની નવી શિણોલ ગ્રામ પંચાયતમાં ખેડૂત પોર્ટેબલ માટે સરકાર ચીની યોજના નો લાભ લેવા માટે ખેડૂત પોર્ટેબલ ખેડૂત રજીસ્ટ્રેશન કરવા માટે જરૂરી હોય જે બાબતે સમજ સાથે રજીસ્ટ્રેશન પ્રક્રીયા શરૂ કરવામાં આવી હોઈ ખેડૂતો આધાર પુરાવા સાથે રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

- અખંડ ભારત

## રાજ્યમાં ૨૬ થી ૨૮ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે



ઘિસારામ ચૌધરી 'સૌ ભણે, સૌ આગળ વધે' એવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૨૬, ૨૭ અને ૨૮મી જૂન દરમિયાન સમગ્ર રાજ્ય વ્યાપી શાળા પ્રવેશોત્સવનુ આયોજન કરાયું છે.શાળા પ્રવેશોત્સવના આ ૨૨મા તબ્બકામા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સહિત વિવિધ કેબનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સચિવશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, રાજ્યની પ્રાથમિક શાળાઓમા બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવનાર છે. ડાંગ જિલ્લામાં પણ આ રાજયવ્યાપી કાર્યક્રમના આયોજનના અર્થે તા. ૨૧ જૂનના રોજ ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર શ્રી વિ.કે.જોષીના અધ્યક્ષ સ્થાને એક અગત્યની બેઠક યોજાઈ હતી.

-અખંડ ભારત

## દેરોલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ના માર્ગદર્શન માં હિંમતનગર તાલુકાના દેરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જી એમ ઇ આર એસ બ્લડ બેન્ક હિંમતનગર ના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો આ રક્તદાન કેમ્પ માં ૭૫ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.સવગઢના ૫૨ વર્ષના ઈમરાનભાઇ અથાનિયા એ દેરાસર ખાતે ૧૦૧ વાર રક્તદાન કરી સર્વ માટે પ્રેરણા રૂપ બન્યા હતા

-અખંડ ભારત

## નાદિસણ પાટીયા થી ગડાધર હાઈસ્કૂલ સુધી સર્વિસ રોડ બનાવવા માંગ



કુંવરસિહ ચૌહાણ - ભિલોડા તાલુકા હિમતનગર શામળાજી નેશનલ હાઈવે પર ખીલોડાથી ગડાદર સુધીનો સર્વિસ રોડ બનાવવા અંગે પ્રજાજનોની રજૂઆત,સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા જી ને કરવામાં આવતા જેના અનુસંધાને રૂબરૂ સ્થળ પર જય નિરીક્ષણ કરી જનતાને પડતી મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવવી અને સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની બાંહેધરી આપી હતી.

સદર રોડ દ્વારા ખિલોડા, બેબાર, જનાલી,રામનગર, વણજર, ખેરાડી... જેવા અનેક ગામડાઓને ભિલોડા અને મોડાસા ને જોડતો સ્ટેટ હાઈવે છે જે ખિલોડા પાસે નેશનલ હાઈવે નાદિસણ પાટીયા પાસે મળે છે તેથી ગડાધર હાઈસ્કૂલ સુધી બંને તરફ સર્વિસ રોડ બનાવવાની ખાસ જરૂર છે. અનેક સાધનો વાળાઓ ને મોડાસા જવા તકલીફ પડે છે તેવી જ રીતે સામેની બાજુએ થી આવતા લોકોને શામળાજી જવા તકલીફ પડે છે. લોકો તકલીફ વેઠીને ખોટી રીતે રોંગ સાઈડમાં જવા મજબુર થાય છે અને અકસ્માત સર્જાવાની સતત ભિતિ રહે છે આ બાબતે શાળા ના બાળકો ને પણ તકલીફ પડે છે. સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ પ્રશ્ર્ન બાબતે ગંભીરતાથી ઉકેલ લાવવા રજુઆત કરવામાં આવી છે.

- અખંડ ભારત

## સંજેલી તાલુકામાં ૬.૪૩ કરોડના ખર્ચે પુલીયા-ગરનાળાનું મરામત કરાશે

વિપુલકુમાર બારીયા - દાહોદ જિલ્લાના ફતેપુરા વિધાનસભાના ફતેપુરા અને સંજેલી તાલુકામાં પસાર થતા હયાત માર્ગ પર આવતા જરૂરિયાત મુજબના પુલો-ગરનાળાના મરામત માટે રાજ્ય સરકાર દ્વારા માતબર રૂ.૬.૪૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતા સ્થાનિકોમાં ખુશી પ્રવર્તિ છે.

- અખંડ ભારત

## નદીનાથ મહાદેવ ખાતે સભા યોજાઈ




જતિન જોષી - "સંકલ્પ થી સિદ્ધિ સુધી મોદી સરકાર ના ૧૧ વર્ષ" અંતર્ગત "વિકસિત ભારત સંકલ્પ સભા"કડાણા તાલુકાના નદીનાથ મહાદેવ ઘોડિયાર ખાતે યોજાઈ હતી. જેમાં મુખ્ય વક્તા શ્રી સુધીરભાઈ લાલપુરવાલા, મહીસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ શ્રી ભગવતસિંહ બાપુ,મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બાબુભાઇ કે પટેલ, સંકલ્પથી સિદ્ધિ ૧૧ વર્ષ અતંર્ગતના સહ-સંયોજક શ્રી કમલેશભાઈ પાદરિયા,સહિત જિલ્લા મંડળના પદાધિકારીશ્રીઓ, તાલુકા અને જિલ્લા પંચાયત ના સદસ્યશ્રીઓ, શક્તિકેન્દ્રના સંયોજકશ્રીઓ, બુથ પ્રમુખશ્રીઓ, સરપંચશ્રીઓ, સિનિયર કાર્યકર્તાઓ, વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અખડં ભારત

## વિસનગર ખાતે યોગ દિન ઉજવાયો




શ્રી અખિલ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય, વિસનગર ખાતે ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વ્યાયામ શિક્ષકશ્રી ભાવેશભાઈ ચૌધરીએ યોગનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવી અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવી દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવન જીવવુ એ હેતુ ને સાર્થક કરવા વિદ્યાર્થીઓને વિવિધ પ્રાણાયામ, આસન અને ધ્યાનનો અભ્યાસ કરાવી વિદ્યાર્થીઓમાં નવી ચેતના અને ઉર્જાનો સંચાર કર્યો હતો. તથા શિક્ષક શ્રી ભરતભાઈ આર ચૌધરીએ યોગ નો ઈતિહાસ, પ્રાચીન સમયની યોગ સાધનાઓ અને ભારત વિશ્વગુરુ બને તેમાં યોગની ભૂમિકા વિષય પર પ્રકાશપાડી માર્ગદર્શન આપેલ હતું.

-અખંડ ભારત

## ભાવનગર તળાજા હાઇવે પર કારની ગુલાંટ



વિકાસભાઈ ચોઈથાની- ભાવનગર તળાજા હાઈવે ના ભંડારિયાના નાયરા પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે જતી ફોર વ્હીલર કાર અચાનક પલટી ખાઈ જતા ગાડીમાં સવાર ત્રણ પૈકી ચાલકને માથા ના ભાગે ઈજા થતાં ૧૦૮ મારફતે ભાવનગર ની સર ટી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા.

-અખંડ ભારત

## જૂનાગઢ પોલીસે મુંબઈમાંથી ૧૩.૩૪ કરોડનું સોનુ ચોરીને ભાગેલા ત્રણ ને ઝડપ્યા



કિશન બહેચા- જૂનાગઢ મુંબઈના એમ.એચ.બી.કોલોની પોલીસ સ્ટેશન ખાતે રૂ.૧૩,૩૪,૬૨,૩૨૭/- કિંમતના ૧૩ કીલો ૪૫૫ ગ્રામ સોનાની થયેલી મોટી ચોરીના કેસમાં જુનાગઢ પોલીસે ૧૦૦% મુદામાલ રીકવર કરી લીધો છે.આ કેસમાં કેશોદના પી.ઈન્સ્પેક્ટર પી.એ.જાદવ તથા એલ.સી.બી. PI જે.જે. પટેલની ટીમે ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે ઝડપી કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.મુખ્ય આરોપી જીગ્નેશ નાથાભાઈ કુછડીયા જે પીઈ એક્સપોર્ટ ગોલ્ડ એન્ડ ડાયમંડ કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરતો હતો તેણે બોરીવલી પશ્ચિમ મુંબઈથી સોનાની ચોરી કરીને નાસી છૂટી ગયો હતો.

ફરિયાદી અજયભાઈ ધાગડાએ MHB પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જુનાગઢ પોલીસને મદદ કરવા જણાવાયું હતું.

પ્રથમ વખત મળેલી બાતમીના આધારે કેશોદના માણેકવાડા ગામથી જીગ્નેશ કુછડીયા અને યશ ઓડેદરાને ઝડપી પાડવામાં આવ્યા.

તેમની પાસેથી ૧ કીલો સોનું મળતાં પુછપરછ દરમિયાન ખુલ્યું કે બાકીનું સોનું જીગ્નેશએ તેના પિતા નાથા હરદાસભાઈ કુછડીયાને આપી દીધું છે.પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં નાથાભાઈ હરદાસભાઈ કુછડીયાને પણ પકડી પાડ્યો અને તેના પાસેથી બાકીનું સમગ્ર સોનું કબ્જે કરાયું.આ ચોરીના ગુનામાં ૧૦૦% સોનાની રીકવરી કરાઈ છે.ત્રણેય આરોપીઓને ટ્રાન્ઝિટ વોરંટ મેળવીને મુંબઈ મોકલવાની પ્રક્રિયા પોલીસે હાથ ધરી છે.

-અખંડ ભારત

## ગીરમાં સિંહના અવસાન પછી યોજાતી બેસણાં અને શ્રદ્ધાંજલિ સભા જીવંત પરંપરા ગીરની અનોખી ઓળખ







**કિશન બહેચા -** જો તમે એ માનતા હો કે સિંહ માટે બેસણું કે શ્રદ્ધાંજલિ સભા યોજાતી નથી, તો તમારું માનસ ચુંકી ગયું છે. ગીરના જંગલોમાં આજે પણ સિંહના અવસાન બાદ પરંપરાગત રીતે બેસણાં અને શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવે છે. ગીર એ વિશ્વનું એવું એકમાત્ર સ્થળ છે જ્યાં સિંહને પરિવારના સભ્યની જેમ માનવામાં આવે છે અને તેનું મૃત્યુ થવા પર ગામમાં શોક છવાઈ જાય છે.તાજેતરમાં ગીરના નરસિંહ સમાન પ્રસિદ્ધ જોડિયા સિંહ જય અને વીરુમાંથી વીરુનું ૧૨મી જૂને અવસાન થયા બાદ ડેડીકડી ગામ સહિત અનેક ગામોમાં તેના માટે બેસણાં યોજાયું અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. અનેક ગામો અને માલધારીઓએ તેને પોતાનું ગુમાવેલું વ્યક્તિગત સ્વજનમાં રૂપાંતરિત કરીને ભાવુક વિદાય આપી.સિંહો સાથે ગીરના માલધારીઓનો સંબંધ માત્ર જીવનયાપન માટે નહીં, પણ લાગણીઓથી ભરપૂર છે. માલધારીઓ અને ગામજનો રોજિંદા જીવનમાં જેમ પોતાના ઘરના સભ્યોને નિહાળે છે તેમ સિંહોને પણ નિહાળતા હોય છે. આવા સિંહનું મૃત્યુ, ગામ માટે વ્યક્તિગત ગુમાવટ સમાન હોય છે.ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ભાગવત ગીતામાં દૈવીય શક્તિનો સ્વરૂપ માનવામાં આવેલો સિંહ, ગીર માટે ઘરના ઘરેણાં સમાન છે. આ પરંપરા ગત એક સદીથી સતત જીવંત રહી છે અને આજે પણ માલધારીઓ ભાવના અને શ્રદ્ધાથી નવી પેઢી સુધી તેનો વારસો પહોંચાડે છે.ગીરમાં આજેય, જ્યારે કોઈ સિંહનું અવસાન થાય છે ત્યારે લોકો તેના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના સાથે બેસણાં અને શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરે છે. ગીર અને સિંહનો આ અનોખો લાગણીસભર સંબંધ, સમગ્ર વિશ્વમાં ગીરને અનન્ય ઓળખ આપે છે. -અખંડ ભારત

## વેડિંગ કાર્ડની લિંક ક્લિક કરતાં યુવકે ૮૫,૦૦૦ ગુમાવ્યા, ૫ દિવસમાં ૫ શિકાર



વડોદરા શહેરના સાયબર ઠગાઈના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, જેમાં સોશિયલ મીડિયા (વ્હોટ્સએપ) પર આવતી 'વેડિંગ ઈન્વિટેશન કાર્ડ' નામની એપીકે ફાઈલ યુઝર્સના બેંક ખાતા ખાલી કરી રહી છે.

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતા એક યુવક સાથે આવો જ બનાવ બન્યો છે, જ્યાં તેણે આ લિંક પર ક્લિક કરતા જ તેના સિન્ડિકેટ બેંક ખાતામાંથી ૮૫,૦૦૦ ગુમાવ્યા છે. આ મામલે યુવકે સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ કરી છે.

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697